dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 24 | AD - 2026, Aso Sud-13 | Saturday, Dt. 24-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ભારતીય આઇટીબીપીના વડાએ 'શૌર્ય કમાન્ડો'ની પ્રશંસા કરી

# અરુણાચલ સરહદે ભારતીય અને ચીની સૈનિકો સામસામે

નવી દિલ્હી, તા.૨૩

અરુણાચલ પ્રદેશમાં ભારત-ચીન સરહદ પર અનેક સ્થળોએ ચીની સૈનિકો સાથે સામસામેની સ્થિતિ સર્જાઈ છે. આઈટીબીપીના ડિરેક્ટર જનરલ શત્રુજીત સિંહ કપૂરે ૨૨ ઓક્ટોબરે આઈટીબીપીના ૬૫મા સ્થાપના દિવસ પહેલાં આયોજિત સન્માન સમારોહમાં સૈનિકોને સંબોધતાં આ વાત કહી હતી. તેમણે નવી રચાયેલી લડાયક ટીમ 'શૌર્ય કમાન્ડો'ને ચીની પીએલએ સૈનિકો સાથેની પરિસ્થિતિઓમાં ઉત્કૃષ્ટ કુશળતા દર્શાવવા બદલ અભિનંદન આપ્યા.

કપૂરે કહ્યું, 'તાજેતરમાં અરુણાચલ પ્રદેશમાં અનેક સ્થળોએ સામસામેની સ્થિતિ સર્જાઈ હતી અને તેમાંની કેટલીક હજુ પણ ચાલુ છે. ત્યાં તૈનાત 'શૌર્ય કમાન્ડો' ટીમોએ અસાધારણ પ્રદર્શન કર્યું છે.' તેમણે જણાવ્યું કે દરેક બટાલિયનમાં એક કમાન્ડો ટીમ સ્થપાઈ ચૂકી છે, વધુ બે ટીમો બની રહી છે અને લક્ષ્ય દરેક બટાલિયનમાં સંપૂર્ણ કમાન્ડો કંપની સ્થાપવાનું છે. માત્ર કમાન્ડો કામગીરી માટે અલગ બટાલિયન બનાવવા પર પણ કામ ચાલી રહ્યું છે.

ડ્રોનના વધતા ખતરા તરફ ધ્યાન દોરતાં તેમણે કહ્યું કે આ ટેકનોલોજીએ પરંપરાગત યુદ્ધને બદલી નાખ્યું છે. આઈટીબીપી દરેક પ્લાટૂનમાં ડ્રોન યુનિટ બનાવવાની યોજના બનાવી રહી છે, ડ્રોનનું ઉત્પાદન વધારી રહી છે અને ડ્રોન પાઈલટ્સને તાલીમ આપી રહી છે. ૨૦૩૦ સુધીમાં મળનારા વધારાના ભંડોળમાંથી આશરે ૧,૦૦૦ કરોડ રૂપિયા ડ્રોન અને એન્ટી-ડ્રોન સિસ્ટમ માટે ફાળવવાની યોજના છે. ઓલ-ટેરેન વાહનો, સ્વાયત્ત ગ્રાઉન્ડ વાહનો, ઝડપી પ્રતિક્રિયા વાહનો અને દારૂગોળાના આધુનિકીકરણ પર પણ ધ્યાન અપાશે.



સૂત્રો અનુસાર, ભારત-ચીન વચ્ચે પ્રથમ કોર્પ્સ કમાન્ડર-સ્તરની બેઠક સપ્ટેમ્બરમાં થઈ હતી. જે વિસ્તારોમાં નવા મુદ્દા ઉભર્યા છે ત્યાં ભારતીય સેનાએ ચીની સૈનિકોના વર્તન અંગે કડક વલણ અપનાવ્યું છે. બંને દેશો એલએસી અંગે અલગ સમજણ ધરાવે છે, જે ઘણીવાર મુકાબલા તરફ દોરી જાય છે.

દરમિયાન, ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણેએ કહ્યું કે ગલવાન પછીની ઘટનાઓએ સ્પષ્ટ કરી દીધું છે કે સરહદ વિવાદનો લશ્કરી ઉકેલ હવે વિકલ્પ નથી. તેમના મતે, ભારતે સરહદો બદલવા માટે એકપક્ષીય બળના ઉપયોગને અસ્વીકાર્ય ગણાવ્યો છે, જેનાથી વાતચીતના પ્રયાસોને નવી ગતિ મળી છે. તેમણે ખાસ પ્રતિનિધિઓ વચ્ચેની વાટાઘાટ-પધ્ધતિને મહત્વપૂર્ણ ગણાવી અને ઉમેર્યું કે ગલવાન પછી વિશ્વ મંચ પર ભારતની વિશ્વસનીયતા મજબૂત બની છે.

જૂન ૨૦૨૦ની ગલવાન અથડામણ ભારત-ચીન સંબંધોમાં મુખ્ય વળાંક હતી, જેના પછી પૂર્વી લદાખમાં લાંબો ગતિરોધ ચાલ્યો. ઓક્ટોબર ૨૦૨૪માં ડેપસાંગ અને ડેમચોક અંગે પેટ્રોલિંગ કરાર થયો, જોકે મોટા સરહદ વિવાદનો ઉકેલ આવ્યો નથી. ઓગસ્ટ ૨૦૨૫માં એસસીઓ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી.

# 'કારગિલમાં પોતાના સૈનિકોના મૃતદેહ છોડી દેનારા આપણને સલાહ ન આપે': યુએનમાં ભારતનો પાકિસ્તાન પર પ્રહાર

નવી દિલ્હી,તા.૨૩

સંયુક્ત રાષ્ટ્ર (UN)માં ભારતે આતંકવાદ, ધાર્મિક સ્વતંત્રતા અને લઘુમતીઓના અધિકારો મુદ્દે પાકિસ્તાનની આકરી ટીકા કરી છે. યુએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા ફર્સ્ટ સેક્રેટરી ભાવિકા મંગલાનંદને ૧૯૯૯ના કારગિલ યુધ્ધનો ઉલ્લેખ કરતા પાકિસ્તાનને અરીસો બતાવ્યો હતો. તેમણે યાદ અપાવ્યું હતું કે કારગિલ યુધ્ધ દરમિયાન પાકિસ્તાને પોતાના જ શહીદ સૈનિકોના મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો, જ્યારે ભારતીય સેનાએ તે પાકિસ્તાની સૈનિકોને




લશ્કરી સન્માન અને ઈસ્લામિક રીતરિવાજો મુજબ દફનાવ્યા હતા. જે દેશ પોતાના સૈનિકોને સન્માન ન આપી શક્યો, તે આજે ધાર્મિક સ્વતંત્રતા પર ભારતને ઉપદેશ આપી રહ્યો છે તે એક વિડંબના છે. ભાવિકા મંગલાનંદને સ્પષ્ટ કર્યું કે આતંકવાદીઓના અધિકારોની વકીલાત કરવાને બદલે આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા પીડિતોના અધિકારોને પ્રાધાન્ય આપવું જોઈએ. તેમણે પાકિસ્તાનમાં સતત ઘટી રહેલી લઘુમતી વસ્તી અને તેમના અધિકારોના ઉલ્લંઘન પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, જે દેશ પોતાના લઘુમતીઓની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહ્યો છે તેને ભારતને સલાહ આપવાનો કોઈ હક નથી. આ ઉપરાંત, જમ્મુ-કાશ્મીર અંગે પાકિસ્તાનની ટિપ્પણીઓને ફગાવતા ભારતે સલાહ આપી હતી કે પાકિસ્તાને ભારતના કેન્દ્રશાસિત પ્રદેશ પર ધ્યાન આપવાને બદલે પોતાના કબ્જા હેઠળના વિસ્તારોમાં વિકાસ અને સ્થિતિ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતે યુએનના વિશેષ સંવાદદાતાના અહેવાલની પધ્ધતિ સામે પણ વાંધો ઉઠાવ્યો હતો.

# જૌહર યુનિવર્સિટીની ૩૮ ઈમારતો સામે ઈડીની કાર્યવાહી, સરકારી ભંડોળથી બાંધકામના આરોપોની તપાસ લગભગ પૂર્ણતાને આરે

લખનૌ, તા.૨૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ટૂંક સમયમાં રામપુરની જૌહર યુનિવર્સિટીની ઈમારતો જપ્ત કરશે. આરોપ છે કે આ ઈમારતોનું બાંધકામ સરકારી વિભાગના બજેટનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું હતું. ઈડીએ આ કેસની તપાસ લગભગ પૂર્ણ કરી લીધી છે, જેના કારણે યુનિવર્સિટીની ૩૮ ઈમારતો કાર્યવાહીની ઝપટમાં આવી શકે છે. ઈડી શુક્રવારે ભૂતપૂર્વ મંત્રી આઝમ ખાનના નજીકના સહયોગી અનવરની પણ પૂછપરછ કરશે. તેમના




પર એએન્ડએસ એસોસિએટ્સ નામની ડમી ફર્મ બનાવવાનો અને યુનિવર્સિટીની ઈમારતોના નિર્માણ માટેના ભંડોળને જૌહર ટ્રસ્ટને દાન તરીકે વાળવાનો આરોપ છે. ઈડીએ અગાઉ રામપુરમાં આઝમ ખાન સહિત અનેક આરોપીઓ સામે બીજી એફઆઈઆર દાખલ કરી હતી. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે જૌહર યુનિવર્સિટીની ઈમારતોનું બાંધકામ સરકારી વિભાગના ભંડોળથી થયું હતું અને દાન જૌહર ટ્રસ્ટને આપવામાં આવ્યું હતું. હવે ઈડી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ ઈમારતોને જપ્ત કરવાની તૈયારીમાં છે. તેના માટે અગાઉ દાખલ કરાયેલા કેસમાં નવી એફઆઈઆર ઉમેરવામાં આવી છે. આ કેસમાં મુરાદાબાદના જિલ્લા મેજિસ્ટ્રેટે સરકારી ભંડોળથી બનેલી ઈમારતોને તોડી પાડવાનો પણ આદેશ આપ્યો હતો. આ મામલો મુરાદાબાદ કમિશનર સમક્ષ અપીલ માટે પેન્ડિંગ છે. અગાઉ આવકવેરા વિભાગે પણ યુનિવર્સિટીની ઈમારતોના નિર્માણમાં સરકારી વિભાગના બજેટનો ઉપયોગ થયો હોવાનું જાહેર કર્યું હતું.

# યુપી વિધાનસભા માટે કોંગ્રેસે સમાજવાદી પાર્ટીને ૧૭૨ બેઠકોની યાદી સોંપી

લખનૌ,તા.૨૩

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વિપક્ષી 'ઈન્ડિયા' ગઠબંધનના ઘટક દળો કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપા) વચ્ચે સીટ વહેંચણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસે સમાજવાદી પાર્ટીને ૧૭૨ વિધાનસભા બેઠકોની યાદી સોંપી છે. આ યાદી પ્રિયંકા ગાંધી વાડ્રાની અધ્યક્ષતામાં રાજ્યના વરિષ્ઠ નેતાઓ સાથે યોજાયેલી ત્રણ બેઠકો બાદ તૈયાર કરવામાં આવી છે. કોંગ્રેસે આ બેઠકોને 'એ', 'બી', 'સી' અને 'ડી' એમ ચાર શ્રેણીઓમાં વિભાજિત કરી છે. પાર્ટીએ સ્પષ્ટ કર્યું છે કે 'અ' શ્રેણીમાં સમાવિષ્ટ બેઠકો પર તે કોઈ સમાધાન કે સમજૂતી કરશે નહીં, કારણ કે અહીં પાર્ટી પોતાની જીત અંગે સંપૂર્ણ આત્મવિશ્વાસ ધરાવે છે. જ્યારે 'બી' શ્રેણીની બેઠકો પર કેટલાક ફેરફારો કરવા અને 'સી' તથા 'ડી' શ્રેણીની બેઠકો અંગે સપા સાથે લવચીક અભિગમ અપનાવી વાટાઘાટો કરવા કોંગ્રેસ તૈયાર છે. કોંગ્રેસ કોઈ ચોક્કસ સંખ્યા પર અડગ રહેવાને બદલે ગઠબંધનમાં સન્માનજનક હિસ્સો મેળવવા માગે છે. આ બેઠક વહેંચણીના મુદ્દાને અંતિમ રૂપ આપવા માટે ટૂંક સમયમાં બંને પક્ષોના નેતાઓની એક સંયુક્ત સમિતિની રચના કરવામાં આવશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મજબૂત પ્રદર્શન કરતા સપાએ ૩૭ અને કોંગ્રેસે ૬ બેઠકો જીતીને ભાજપને મોટો ઝટકો આપ્યો હતો. લોકસભા ચૂંટણીની આ સફળતાથી પ્રેરાઈને બંને પક્ષો વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ સામે પોતાનું ગઠબંધન અને સંકલન જાળવી રાખવા માટે ઉત્સુક છે.

# ભારતીય સેનામાં સ્વદેશી 'નાગ-૨' સિસ્ટમ સામેલ થવાથી દુશ્મનની ટેન્કો થશે નષ્ટ

નવીદિલ્હી,તા.૨૩

ભારતીય સેનાની તાકાતમાં વધારો કરતા સ્વદેશી સંરક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સફળતા મળી છે. નાગપુર સ્થિત સોલાર ડિફેન્સ એન્ડ એરોસ્પેસ લિમિટેડે સેનાને સ્વદેશી એન્ટિ-ટેન્ક લોઈટરિંગ મ્યુનિશન સિસ્ટમ 'નાગ-૨' સોંપી છે. આ સિસ્ટમ દિવસ અને રાત્રિ દરમિયાન સર્વેલન્સ માટે આધુનિક કેમેરા તેમજ ચોક્કસ નિશાન સાધવાની ક્ષમતા ધરાવે છે. તેમાં ૪ કિલોગ્રામનું વોરહેડ છે, જે ૬૫૦ મિલીમીટર સુધીના મજબૂત બખ્તરને પણ ભેદી શકે છે. તેનો મહત્તમ ઉડાન સમય ૬૦ મિનિટનો છે. આ સિસ્ટમમાં જીપીએસ જામિંગ અને સ્પૂફિંગ જેવા ઈલેક્ટ્રોનિક યુધ્ધના પડકારો સામે ટકી રહેવાની વિશેષ ક્ષમતા છે. તેથી ઈલેક્ટ્રોનિક દખલગીરી ધરાવતા યુધ્ધ ક્ષેત્રોમાં પણ તે ચોકસાઈથી કામ કરે છે. લંબાયેલી ઓપરેશનલ રેન્જ અને પુનઃઉપયોગીતા જેવા ફીચર્સ તેને ભારતીય સેના માટે અત્યંત મહત્વપૂર્ણ બનાવે છે.












# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે માલવણમાં પુલનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં માર્ગ અને પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં વધુ એક વિકાસકાર્યની શરૂઆત કરવામાં આવી છે. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે માલવણ ખાતે રૂ. ૯૮.૫૪ લાખના ખર્ચે નિર્માણ પામનારા પુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા બનાવવામાં આવનારા આ પુલની લંબાઈ ૬ મીટર રહેશે અને તેમાં બે સ્પાનનું આયોજન કરાયું છે. આ પુલ બનવાથી સ્થાનિક વિસ્તારના લોકો તથા વાહનચાલકોને અવરજવરમાં સરળતા રહેશે અને માર્ગ વ્યવહાર વધુ સુગમ બનશે. રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ અને માળખાકીય સુવિધાઓના વિકાસને પ્રાથમિકતા આપી રહી છે. માલવણનું આ પુલ નિર્માણકાર્ય તેનું વધુ એક ઉદાહરણ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયત સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના સભ્યો, અગ્રણી મધુભાઈ હરખાણી, પી. વી. વસાણી, સ્થાનિક સરપંચ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



**પુલ બનવાથી સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને અવરજવરમાં વધુ સુવિધા મળશે**

# નાગેશ્રીમાં ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી ડોક્ટરે પ્રસૂતાની એમ્બ્યુલન્સમાં જ સફળ ડિલિવરી કરાવી

રાજુલા,તા.૨૩

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની નાગેશ્રી ૧૦૮ એમ્બ્યુલન્સને સાંજે ૧૭:૧૭ કલાકે જીવાપર ગામની વાડી વિસ્તારમાંથી પ્રસૂતિનો કેસ મળ્યો હતો. ટીમ પહોંચી ત્યારે મહારાષ્ટ્રની પરપ્રાંતીય સગર્ભા મહિલાની પીડા અચાનક વધી જતાં એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવી પડી હતી. હેડ ઓફિસના ડૉક્ટરની સલાહ મુજબ ઈએમટી ભરત બાંભણિયાએ ડિલિવરી કરાવી અને ઓછા ઓક્સિજનવાળા બાળકને કૃત્રિમ શ્વાસ આપી નવજીવન આપ્યું હતુ. પાયલોટ બાલુભાઈ ગોહિલે માતા અને બાળકને સલામત રીતે રાજુલા સરકારી હોસ્પિટલ પહોંચાડ્યા હતા, જ્યાં ડૉક્ટરો અને પરિવારે ટીમને બિરદાવી હતી.



તસવીર : ગોપાલ રાઠોડ

# ધારીની મુખ્ય બજારમાં તહેવારો દરમિયાન ઘરાકીનો અભાવ

ધારી,તા.૨૩

ધારી શહેરની મુખ્ય બજારમાં તહેવારો દરમિયાન પણ ઘરાકીનો અભાવ જોવા મળતાં સ્થાનિક વેપારીઓમાં ચિંતા વ્યાપી છે. લાખો રૂપિયાનું રોકાણ કરીને વેપાર કરતા દુકાનદારોને ગ્રાહકોની ઓછી અવરજવરને કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. નજીવા નફાથી સારી કંપનીઓનો માલ વેચવા છતાં કર્મચારીઓના પગાર કાઢવા પણ મુશ્કેલ બન્યા હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. વેપારી મહામંડળના આગેવાનોએ જણાવ્યું હતું કે, યુવાનો અને યુવતીઓ સ્થાનિક દુકાનોને બદલે ઓનલાઈન ખરીદી તરફ વળી રહ્યાં છે, જ્યાં આકર્ષક યોજનાઓના નામે છેતરાવાની શક્યતા રહે છે. જ્યારે સ્થાનિક વેપારીઓ ગ્રાહકોને ગેરંટી, વોરંટી અને વેચાણ પછીની સેવા પણ આપે છે.આ સ્થિતિમાં વેપારીઓએ ધારી શહેર અને તાલુકાના નાગરિકોને સ્થાનિક બજારમાંથી ખરીદી કરવા અપીલ કરી છે. 'લોકલ ફોર વોકલ'ના મંત્રને સાકાર કરી સ્થાનિક વેપારને પ્રોત્સાહન આપવા સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો છે.



તસવીર : સંજય વાળા

**સ્થાનિક વેપારીઓની ચિંતા, 'લોકલ ફોર વોકલ' અભિયાનને સફળ બનાવવા નાગરિકોને અપીલ**

# પોલીસ સંભારણા દિવસ નિમિત્તે ધારી પોલીસ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ધારી,તા.૨૩

ધારી પોલીસ દ્વારા સામાજિક સેવાના ભાગરૂપે ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ લોકોને સહાય પૂરી પાડવાનો તેમજ સમાજમાં સેવાભાવ અને માનવતાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો હતો. પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ સેવાકીય પ્રવૃત્તિ સમાજ પ્રત્યેની જવાબદારી અને માનવીય સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ બની છે. આવા કાર્યક્રમો દ્વારા સમાજના વિવિધ વર્ગોમાં પરસ્પર સહયોગની ભાવના વિકસે છે અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાની પ્રેરણા મળે છે. ધારી પોલીસની આ પહેલથી સામાજિક જવાબદારી નિભાવવાની સાથે માનવતાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરી પૂરતી સીમિત નથી, પરંતુ સામાજિક કાર્યોમાં પણ સક્રિય ભૂમિકા ભજવી શકે છે, તે આ આયોજન દ્વારા દર્શાવવામાં આવ્યું હતું.



# ચલાલામાં પિતા-પુત્રને જાનથી મારવાની ધમકી આપ્યા બાદ બંને પક્ષોએ સામા-સામે ફરિયાદ નોંધાવી

ચલાલા,તા.૨૩

ચલાલામાં પિતા-પુત્રને જાનથી મારવાની ધમકી આપવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવમાં બંને પક્ષોએ સામા-સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પ્રથમ ફરિયાદમાં હમીરભાઈ ખોડાભાઈ ગોહિલ (ઉ.વ.૫૨)એ દિલીપભાઈ ભાયાભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમના દીકરા હિતેશભાઈની પત્ની નયનાબેનને લોખંડના પાઈપ વડે ડાબા હાથની કલાઈ પર એક ઘા મારી સામાન્ય ઈજા પહોંચાડી ગાળો આપી હતી. તેમજ તેમના પૌત્રને પણ સામાન્ય ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીએ ફરિયાદીને છાતીના ભાગે મૂંઢમાર મારી સામાન્ય ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સામે પક્ષે જ્યોત્સનાબેન દિલીપભાઈ ગોહિલ (ઉ.વ.૨૯)એ હમીરભાઈ ખોડાભાઈ ગોહિલ, લીલાબેન હમીરભાઈ ગોહિલ, હિતેશભાઈ હમીરભાઈ ગોહિલ સહિત સાત લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**ધારી-ફતેપુરા બસ બંધ કરાવ્યા બાદ હવે બીજી બસ નિશાના પર**

# બગસરા ડેપોની બસ ચલાવવા માટે અન્ય ડેપોની બસ બંધ કરવાનો કારસો!

બગસરા,તા.૨૩

બગસરા એસ.ટી. ડેપોના અધિકારીની ઢીલી નીતિને કારણે છેલ્લાં ઘણા સમયથી અન્ય ડેપોની બસ બંધ થાય તેવા પ્રયાસો કરવામાં આવતા હોવાથી મુસાફરોમાં આ બાબતે ભારે રોષ ફેલાયો છે. જાણવા મળતી માહિતી મુજબ બગસરાથી વિસાવદર-ફતેપુરા બસ બપોરે ૧૪:૦૦ કલાકે ઉપડે છે. જેથી મુસાફરોને આ બસ આર્શીવાદરૂપ સમાન છે.મુસાફરોના હિતને ધ્યાને રાખી બગસરા ડેપો દ્વારા પણ ૧૪:૪૫ વાગ્યે ફતેપુરા બસ શરૂ કરી છે. જો કે આ બસનો સમય ૧૪:૪૫નો હોવા છતાં વિસાવદર-ફતુંપરા બસનો ટ્રાફિક તોડવા માટે બગસરા-ફતેપુરા બસ એક કલાક વહેલી પ્લેટફોર્મ પર મુકાઈ જાય છે જેથી વિસાવદર-ફતેપુરા બસનો ટ્રાફિક તોડી શકાય. આ બાબતે વિભાગીય નિયામક, ડી.ટી.ઓ અને ડેપો મેનેજરનું પણ ધ્યાન દોરવામાં આવ્યુ હતુ. આમ છતાં ડ્રાઈવરો ડેપો મેનેજરનું ગાંઠતા ન હોવાનું સામે આવ્યું છે.આ અંગે વિસાવદર-ફતેપુરા બસના કર્મચારીઓએ જણાવ્યુ હતું કે, બગસરા ડેપોની બસ એક કલાક વહેલી મુકીને આ બસનો ટ્રાફિક તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પહેલા પણ ધારી-ફતેપુરા બસમાં બગસરાથી રીઝર્વેશન કરવામાં આવતુ ન હોવાની ફરિયાદો ઉઠી હતી. જેથી મુસાફરોના અભાવે ધારી-ફતેપુરા બસ બંધ થઈ ગઈ હતી તો હવે બગસરા ડેપો દ્વારા અન્ય ડેપોની બસ બંધ કરાવવાનો પ્રયાસ થતો હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. આ બાબતે અધિકારીઓ જવાબદારો સામે કડક કાર્યવાહી કરે તેવી માંગ કરવામાં આવી છે.

**અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણ નહી**

# પોલીસ સંભારણા દિવસ નિમિત્તે લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે રક્તદાન કેમ્પ

લીલીયા,તા.૨૩

લીલીયા મોટા ખાતે પોલીસ સંભારણા દિવસ નિમિત્તે પોલીસ સ્ટેશનમાં પી.આઈ. એમ. ડી. સાળુંકેના માર્ગદર્શન હેઠળ અને પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાની ઉપસ્થિતિમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં પોલીસકર્મીઓ, જી.આર.ડી.ના જવાનો, હોમગાર્ડના જવાનો તેમજ ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય જીગ્નેશ સાવજ, આનંદ ધાનાણી, નીતિનભાઈ ત્રિવેદી, ભીખાભાઈ ધોરાજીયા, કેપ્ટન ધામત, ગૌતમભાઈ વિંછીયા અને ભનુભાઈ ડાભી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ કરાવવાનો અને સમાજમાં રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. પોલીસકર્મીઓ અને સુરક્ષા જવાનોએ પોતાની ફરજની સાથે સામાજિક જવાબદારી નિભાવી માનવતા, સેવા અને સમર્પણનો સંદેશ આપ્યો હતો.



# ચલાલાના ગાયત્રી સંસ્કાર ધામ નવરાત્રી રાસોત્સવની ઉજવણી

ચલાલા,તા.૨૩

ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ, રક્ષા શક્તિ ગર્લ્સ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત સંસ્થાના વડા પ. પૂ. સંત ડૉ. રતિદાદા, લાલજીદાદા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા,મંજુબા, રસીલાબા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા માતાજીની આરતી થઈ હતી. ગાયત્રી સંસ્કાર ધામ ખાતે બાળકો, સ્ટાફગણના ભાઈઓ બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ રાસ-ગરબામાં જુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે બેસ્ટ ડ્રેસ, બેસ્ટ ગરબા, બેસ્ટ આરતી થાળી સુશોભન, બેસ્ટ રાસ જેવી વિવિધ સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં ઈનામો આપી વિજેતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્થાના ડાયરેક્ટર શીતલબેન દ્વારા વિવિધ વ્યવસ્થા કરવામાં આવી હતી.











# અમરેલી જિલ્લામાં બેવડી ઋતુનો માર, શરદી-ઉધરસ અને તાવના કેસોમાં વધારો

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં બદલાતા હવામાન અને બેવડી ઋતુના કારણે વાયરલ ઈન્ફેક્શન, શરદી, ઉધરસ અને તાવના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. ઓક્ટોબર મહિનો પૂર્ણ થવા આવ્યો હોવા છતાં રાજ્યમાં ઠંડીનો અહેસાસ થવાને બદલે અનેક વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ યથાવત્ રહેતાં લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સમયે તાપમાન ઊંચું રહે છે, જ્યારે વહેલી સવારે અને રાત્રિના સમયે વાતાવરણમાં ઠંડક અનુભવાય છે. તાપમાનમાં થતા આવા ફેરફારને કારણે લોકોના સ્વાસ્થ્ય પર અસર થતી હોવાની ફરિયાદો સામે આવી રહી છે. પરિણામે અમરેલી શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શરદી, ઉધરસ, તાવ અને ગળાના દુખાવા જેવી તકલીફો ધરાવતા દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. બદલાતા હવામાનની અસર બાળકો, યુવાનો અને વૃધ્ધો સહિત તમામ વયજૂથના લોકોમાં જોવા મળી રહી છે. અનેક લોકોમાં વહેતું નાક, છીંક આવવી, શરીરમાં કળતર, માથાનો દુખાવો, ગળામાં ખરાશ અને લાંબા સમય સુધી ઉધરસ રહેવા જેવી સમસ્યાઓ જોવા મળે છે. હવામાનમાં અચાનક થતા ફેરફાર, ભેજ અને ઋતુજન્ય વાયરસના ફેલાવા સહિતનાં પરિબળો શ્વસનતંત્રને



લગતા ચેપમાં વધારો કરી શકે છે. આ સ્થિતિમાં સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં સારવાર માટે આવતા દર્દીઓએ સાવચેતી રાખવી જરૂરી બની છે.ચોમાસા બાદ કેટલાક વિસ્તારોમાં ભેજવાળું વાતાવરણ અને પાણી ભરાવાની સ્થિતિને કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી શકે છે. તેથી તાવ આવતો હોય તો તેને માત્ર સામાન્ય વાયરલ તાવ માનીને અવગણવો ન જોઈએ. ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગોના લક્ષણો જણાય તો તબીબી તપાસ કરાવવી હિતાવહ છે. જોકે, હાલ આ રોગોના કેસોમાં કેટલો વધારો થયો છે તે અંગે સત્તાવાર આંકડા ઉપલબ્ધ ન હોવાથી ચોક્કસ તારણ કાઢી શકાય તેમ નથી.તબીબોની સલાહ મુજબ, આ દિવસોમાં વ્યક્તિગત સ્વચ્છતા જાળવવી, પૂરતું પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક લેવો જરૂરી છે. બહારથી આવ્યા બાદ હાથ ધોવા, ઉધરસ કે છીંક આવે ત્યારે મોં ઢાંકવું અને ચેપનાં લક્ષણો ધરાવતા વ્યક્તિથી યોગ્ય અંતર રાખવું જોઈએ. બપોરે ગરમીમાંથી આવ્યા બાદ તરત જ અત્યંત ઠંડા વાતાવરણમાં જવાનું ટાળવું અને સવારે કે રાત્રે ઠંડક હોય ત્યારે જરૂર મુજબ હળવાં ગરમ કપડાં પહેરવાં જોઈએ. વાસી ખોરાક ટાળવો અને સ્વચ્છ પીવાનું પાણી વાપરવું પણ જરૂરી છે.તાત્કાલિક તબીબી સલાહ લેવી જોઈએ. ડૉક્ટરની સલાહ વિના એન્ટિબાયોટિક્સ કે અન્ય દવાઓ લેવાનું ટાળવું જોઈએ. બદલાતા હવામાન વચ્ચે નાગરિકો સાવચેતી રાખે અને સમયસર સારવાર મેળવે તો ઋતુજન્ય બીમારીઓથી થતી મુશ્કેલીઓ ઘટાડવામાં મદદ મળી શકે છે.

**બપોરે ગરમી અને સવારે-રાત્રે ઠંડકથી લોકો પરેશાન, સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની ભીડ**

# પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓએ વાર્ષિક e-KYC ફરજિયાત પૂર્ણ કરવું

અમરેલી,તા.૨૩

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના તમામ લાભાર્થી ખેડૂતો માટે બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન આધારિત વાર્ષિક e-KYC ફરજિયાત કરાયું છે. સમયસર e-KYC કરાવનાર લાભાર્થીઓને જ આગામી હપ્તાનો લાભ મળશે. જે લાભાર્થીઓએ ૩૧ માર્ચ, ૨૦૨૬ પછી e-KYC કરાવ્યું નથી, પોર્ટલ પર સ્ટેટસ Yes દેખાતું હોય તો પણ તેમણે ફરીથી કરાવવું. ખેડૂતો વિલેજ નોડલ ઓફિસર, નજીકના કોમન સર્વિસ સેન્ટર અથવા ઈ-ગ્રામ કેન્દ્ર પર અથવા PM-KISAN એપ દ્વારા જાતે e-KYC કરી શકે છે. જિલ્લામાં જનજાગૃતિ અને વિશેષ કેમ્પોનું આયોજન કરાશે, તેમજ ગામદીઠ ઓછામાં ઓછા પાંચ યુવાનોને તાલીમ અપાશે. વધુ માહિતી માટે ગામના તલાટી કમ મંત્રી, TDO અથવા મામલતદારનો સંપર્ક કરવો.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે શરદોત્સવની બેઠક યોજાઈ, મંત્રી કૌશિક વેકરિયાના નેતૃત્વમાં તૈયારી

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે ગુરુવારે શરદ પૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ભવ્ય રાસોત્સવના આયોજન અંગે જિલ્લા ભાજપ પરિવારની બેઠક યોજાઈ હતી. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, સાંસદ ભરતભાઈ સુતરિયા તેમજ પૂર્વ પ્રમુખ શરદભાઈ



લાખાણીએ કાર્યકર્તાઓને જરૂરી માર્ગદર્શન આપી તૈયારીઓ શરૂ કરાવી હતી.આ બેઠકમાં પાર્કિંગ, ખેલૈયાઓ માટે પાસ, ઈનામો, સ્ટેજ, દર્શકોની બેઠક વ્યવસ્થા અને અલ્પાહાર સહિતના આયોજન પર ઝીણવટભરી ચર્ચા થઈ હતી. સાથોસાથ વિવિધ સમાજો, વેપારીઓ, તબીબો, વકીલો અને યુવાનોને પરિવાર સહિત જોડવા જવાબદારીઓ સોંપાઈ હતી.આગામી ૨૫ ઓક્ટોબર, રવિવારે રાત્રે ૯ વાગ્યે કેરીયા રોડ પર આવેલ 'લાભમ પાર્ટી પ્લોટ' ખાતે આ 'શરદોત્સવ' યોજાશે.

# એગ્રીસ્ટેક અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રેશન ફરજીયાત, ખેડુતોને તાત્કાલીક નોંધણી કરાવવા અનુરોધ

અમરેલી,તા.૨૩

ભારત સરકાર દ્વારા ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફોર એગ્રીકલ્ચરના ભાગરૂપે એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અમલમાં મુકાયો છે. વર્ષ ૨૦૨૪-૨૫થી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરાઈ છે, જેમાં દરેક ખેડૂતને આધાર આઈડીની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈડી અપાય છે. તેનો ઉદ્દેશ કૃષિ યોજનાઓના લાભ સરળતાથી, પારદર્શક અને સમયસર પહોંચાડવાનો છે. પીએમ કિસાનનો આગામી હપ્તો મેળવવા ફાર્મર રજીસ્ટ્રેશન ફરજિયાત કરાયું છે. રજીસ્ટ્રેશન ગામના VCE/VLE ઓપરેટર, જનસેવા કેન્દ્ર અથવા મોબાઈલથી સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારા કરાવી શકાય છે. આધાર કાર્ડ, આધાર લિંક મોબાઈલ નંબર અને જમીનની વિગતો સાથે રાખવી, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.

# સાવરકુંડલાની જે.વી. હાઈસ્કૂલમાં સંગીત શિક્ષકનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા,તા.૨૩

સાવરકુંડલાની નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. હાઈસ્કૂલમાં સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો. આચાર્ય જીતુભાઈ ભટ્ટે મહેમાનોનું સ્વાગત કર્યું. ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા સહિતના મહાનુભાવોએ શ્રીફળ, શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કર્યું. ટ્રસ્ટીઓ, આચાર્યો અને મિત્રોએ પણ



શાલ ઓઢાડી બહુમાન કર્યું. શાળા પરિવારે મોમેન્ટો આપ્યો. વિદ્યાર્થીઓએ વિદાય ગીત રજૂ કર્યું. સંજયભાઈએ સંસ્મરણો વાગોળી આભાર માન્યો. કુણાલભાઈ મહેતાએ સંચાલન કર્યું. અંતે વિદ્યાર્થીઓને બટેટા પૌવાનો નાસ્તો અપાયો.

# અમરેલીમાં યુવકે દંપતી પર જીવલેણ હુમલો કર્યો

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં ઘરની દીવાલ ટપીને આવેલા યુવકે દંપતી પર જીવલેણ હુમલો કર્યો હતો. આ બનાવ સંદર્ભે બાલુભાઈ ગીગાભાઈ મેર (ઉ.વ.૫૬) એ જય ઉર્ફે કાળુ કિશોરભાઈ તલસાણીયા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીનો દીકરો વિશાલ આરોપીની બહેનને લઈને જતો રહ્યો હતો. આ બાબતનું ભારે મનદુઃખ રાખી આરોપીઓ બદલો લેવાની ફિરાકમાં હતા. તેવામાં ચારેય આરોપીઓએ પૂર્વયોજિત કાવતરું રચી હથિયારો સાથે ફરિયાદીના ઘરની દીવાલ કૂદીને ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશ કર્યો હતો. ફરિયાદી અને તેમનો પરિવાર સૂતો હતો ત્યારે આરોપીઓએ ફરિયાદીના માથામાં અચાનક લોખંડની પાઈપ ફટકારી દીધી હતી. ત્યારબાદ બે અજાણ્યા આરોપીઓએ તેમને પકડી રાખ્યા હતા અને જાનથી મારી નાખવાના ઈરાદે પોતાની પાસે રહેલી છરી વડે ફરિયાદીના માથાના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતા. અન્ય એક આરોપીએ લાકડી વડે આડેધડ ફટકારતાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન ૨૬ જેટલા ટાંકા લેવા પડ્યા હતા.આ હુમલા દરમિયાન બૂમાબૂમ થતાં તેમના પત્ની આશાબેન વચ્ચે પડ્યા હતા, ત્યારે આરોપીઓએ તેમના પર છૂટી ઈંટ ફેંકતાં તેમને ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી. એટલું જ નહીં, ઘરમાં હાજર ૭ વર્ષની માસૂમ ભાણેજ પર પણ ઈંટનો ઘા ઝીંકતાં બાળકીના માથામાં ઈજા થતાં બે ટાંકા આવ્યા હતા.

હુમલાખોરો ફરિયાદી અને તેમના પરિવારને ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. જે.બી. ત્રિવેદી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**છરી વડે આડેધડ ઘા ઝીંક્યા, જાનથી મારી નાખવાની ધમકી આપી**

# અમરેલીમાં સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધાનું આયોજન

અમરેલી,તા.૨૩

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ૬૦ વર્ષથી ઉપરના ભાઈઓ અને બહેનો માટે સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને તેઓ રમતગમત સાથે જોડાયેલા રહે તેવા હેતુથી અમરેલી જિલ્લામાં પણ સાત રમતોનું આયોજન થશે. જેમાં એથ્લેટીક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનિસબોલ ક્રિકેટનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીમાંથી અરજી ફોર્મ મેળવી, સંપૂર્ણ વિગતો સાથે તા. ૧૫ નવેમ્બર સુધીમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોળ દવાખાનાની બાજુમાં, ચિત્તલ રોડ, અમરેલી ખાતે જમા કરાવવાના રહેશે. સ્પર્ધાની તારીખ અને સ્થળની જાણ બાદમાં કરાશે. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવો.

# સાવરકુંડલાની કે.કે.હાઈસ્કુલ ખાતે તમાકુ વિરોધી વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા,તા.૨૩

નૂતન કેળવણી મંડળ સંચાલિત કે.કે. હાઈસ્કૂલ ખાતે 'રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ' અંતર્ગત તમાકુ વિરોધી વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો હેતુ વિદ્યાર્થીઓમાં તમાકુથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે જાગૃતિ લાવવાનો હતો. વિશેષ મહેમાનો ડો. જિજ્ઞાબેન પટેલ, શ્રીમતી રોજીબેન



અને આફતાબભાઈએ વ્યસનથી દૂર રહેવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધામાં ખોખર સુહાના પ્રથમ, ચૌહાણ મહેંદી દ્વિતીય અને ચાવડા કેવલ તૃતીય ક્રમે રહ્યા હતા. સંચાલન તૃપ્તિબેન ભરાડ અને જયંતીભાઈ ખડદિયાએ કર્યું હતું. આચાર્ય ચેતનકુમાર ગુજરીયા તથા ટ્રસ્ટી મંડળે વિદ્યાર્થીઓને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરી આ પ્રયાસને બિરદાવ્યો હતો.










# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે જીથુડી-રાંઢીયા માર્ગના રિસર્ફેસિંગ કામનું ખાતમુહૂર્ત

**આશરે રૂ. ૨ કરોડના ખર્ચે ગ્રામ્ય વિસ્તારના વાહનચાલકોને મળશે વધુ સુવિધા**

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધાઓ વધુ મજબૂત બનાવવાની દિશામાં કુંકાવાવ તાલુકાના જીથુડી મુકામે જીથુડી-રાંઢીયા માર્ગના રિસર્ફેસિંગ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આશરે રૂ. ૨ કરોડના ખર્ચે હાથ ધરાનારા આ વિકાસકાર્યનો પ્રારંભ થયો હતો.માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા હાથ ધરાનારા આ કામથી માર્ગની સપાટી વધુ સુદૃઢ બનશે અને સ્થાનિક નાગરિકો તેમજ વાહનચાલકોને અવરજવરમાં વધુ સુવિધા મળશે. ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ માળખું મજબૂત બનાવવા અને પરિવહન



વ્યવસ્થા સુગમ બનાવવા માટે આ કાર્ય મહત્ત્વપૂર્ણ બની રહેશે.રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. કાર્ય પૂર્ણ થતાં સ્થાનિક લોકોને વધુ સારી માર્ગ સુવિધાનો લાભ મળશે અને દૈનિક અવરજવર સરળ બનશે. આ પ્રસંગે જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના સભ્યો, અગ્રણી મધુભાઈ હરખાણી, પી. વી. વસાણી, સ્થાનિક સરપંચ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના સિંગતેલના વેપારી પાસેથી ૪૭૫ ડબ્બા મંગાવી ૧૨.૭૬ લાખની છેતરપિંડી આચરી

અમરેલી,તા.૨૩

અમરેલીના સિંગતેલના વેપારી પાસેથી ૪૭૫ ડબ્બા મંગાવી રૂ. ૧૨.૭૬ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ અંગે જયંતીભાઈ છગનભાઈ પરમાર (ઉ.વ.૩૦)એ કલોલમાં રહેતા મજીદભાઈ હમીદભાઈ મેમણ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ મોબાઈલ ફોન કરી તેમને વિશ્વાસમાં લઈ પ્રથમ વખત ૫૦ સિંગતેલના ડબ્બા (કિંમત રૂ. ૧,૩૮,૫૪૮ જી.એસ.ટી. સહિત), બીજી વાર ૧૨૫ સિંગતેલના ડબ્બા (કિંમત રૂ. ૩,૪૬,૩૬૯ જી.એસ.ટી. સહિત) અને ત્રીજી વાર ૩૦૦ સિંગતેલના ડબ્બા (કિંમત રૂ. ૭,૯૧,૩૦૦ જી.એસ.ટી. સહિત) ફોન મારફતે મંગાવીને અલગ-અલગ રકમના બે ચેક આપ્યા હતા. વેપારીએ આરોપીના બેંક એકાઉન્ટમાં બેલેન્સ ચેક કરાવતાં પૂરતી રકમ ન હોવાનું સામે આવ્યું હતું. આથી તેમણે અવારનવાર પૈસાની ઉઘરાણી કરવા છતાં, આરોપીએ સિંગતેલના કુલ ૪૭૫ ડબ્બાની કુલ રકમ રૂ. ૧૨,૭૬,૨૧૭ (જી.એસ.ટી. સહિત) ન ચૂકવીને તેમની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

# નવસારીમાં યોજાયેલી રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસની દીકરીઓએ ગોલ્ડ મેડલ જીત્યો

અમરેલી,તા.૨૩

નવસારી ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ - વિદ્યાસભા, અમરેલીની વિદ્યાર્થીનીઓએ સુવર્ણ ચંદ્રક જીતીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. શ્રેષ્ઠ ટીમવર્ક, શિસ્ત અને ઉત્કૃષ્ટ રમતના દમ પર ટીમે આ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી છે.આ વિજેતા ટીમમાં હિરલ બલદાણીયા, હેમાંગી



જાની, ક્રિષ્ના પરમાર, પિંકલ મકવાણા, કિરણ મેર, કંકુ ગોહિલ, ભક્તિ ગોસાઈ, ઈવા શેલડીયા, ધરતી ચાવડા અને ઈશા અંટાળા સામેલ હતી. આ સફળતા બદલ કેમ્પસ પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રમુખે જણાવ્યું કે દીકરીઓની આ મહેનત અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે. સમગ્ર કેમ્પસ પરિવારે ખેલાડીઓ સહિત કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમીબેન ડાંગરને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાજુલાના ભેરાઈ ગામે પે સેન્ટર શાળાના નવા બિલ્ડિંગનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

રાજુલા,તા.૨૩

રાજુલા તાલુકાના શ્રી ભેરાઈ ગામે પે સેન્ટર શાળાના નવનિર્મિત બિલ્ડિંગનું આજે સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યનું ઢોલ અને સામૈયા કુમકુમ તિલક સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું



તસવીર : ગોપાલ રાઠોડ

હતું. વિવિધ મહાનુભાવો દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતી. હીરાભાઈ સોલંકીએ શાળાને જરૂરી ફર્નિચર અને જરૂરી વ્યવસ્થા માટે રૂ. પાંચ લાખની સહાય આપવા માટેની જાહેરાત કરી હતી. આ તકે જિલ્લા પંચાયતના ચેરમેન અરજણભાઈ વાઘ, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ ગુજરીયા તાલુકા પંચાયતના સદસ્ય તખુભાઈ, ગામના સરપંચ વાલાભાઈ રામ, ઉપસરપંચ ભોળાભાઈ રામ, રામપરાના સરપંચ સનાભાઈ તથા તાલુકા કેળવણી નિરીક્ષક ભરતભાઈ કલસરિયા તથા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા તથા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ધાંધલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દોઢ વર્ષ પહેલાં સગપણની ના પાડવાના મનદુ:ખમાં યુવકને ઢીકાપાટુનો માર માર્યો

**મોટા લીલીયાના હાથીગઢ ગામના પાટિયા પાસે ઘટના બની**

લીલીયા, તા.૨૩

દોઢ વર્ષ પહેલાં સગપણની ના પાડવાના મનદુ:ખમાં હાથીગઢ ગામના પાટિયા પાસે યુવકને ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા, તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે હાથીગઢ ગામના ગોપાલભાઈ બીપીનભાઈ લીંબાસીયા (ઉં.વ.૨૪) એ ખારા ગામના કિર્તીભાઈ હિંમતભાઈ વેકરીયા તથા રાહુલભાઈ ઘનશ્યામભાઈ વેકરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આજથી દોઢેક વર્ષ પહેલાં તેમના મોટા બાપુ રમેશભાઈ રણછોડભાઈ લીંબાસીયાની દીકરીનું સગપણનું માંગું કિર્તીભાઈ વેકરીયાના ભાઈ માટે આવ્યું હતું. તેમના મોટા બાપુએ સગપણની ના પાડી હતી, જે વાતનું મનદુ:ખ રાખી બંનેએ તેમને ઢીકાપાટુનો માર મારી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એ. એસ. આઈ. સી. બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# ગોવિંદપુરની SBI બેંકમાં યુવકે આંતક મચાવી રૂ. ૨.૩૦ લાખનું નુકસાન કર્યુ

ધારી,તા.૨૩

ધારી તાલુકાના ગોવિંદપુર ગામમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખામાં ગોલ્ડ લોનનાં ઘરેણાં છોડાવવા મુદ્દે થયેલા વિવાદમાં એક યુવકે કુહાડી વડે ભારે તોડફોડ મચાવી હતી. આ ઘટનામાં બેંકને અંદાજે રૂ. ૨.૩૦ લાખનું નુકસાન થયું હતું. હુમલામાં બેંક મેનેજર કુણાલ રાઠોડને સામાન્ય ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોવિંદપુર ગામના શશીકાંત સતાસીયાએ SBI બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી. તેમના અવસાન બાદ પુત્ર સિદ્ધાર્થ સતાસીયાએ લોનની રકમ ચૂકવી સોનાનાં ઘરેણાં પરત મેળવવા બેંકનો સંપર્ક કર્યો હતો. જોકે, બેંક મેનેજરે કાયદાકીય પ્રક્રિયા મુજબ તમામ વારસદારોની



તસવીર : સંજય વાળા

સહીઓ જરૂરી હોવાનું જણાવ્યું હતું. આરોપીની બહેન ઓસ્ટ્રેલિયામાં રહેતી હોવાથી સહીઓના મુદ્દે વિવાદ ઊભો થયો હતો.આ મામલે ઉગ્ર બોલાચાલી થયા બાદ યુવક કુહાડી લઈને બેંકમાં ધસી આવ્યો હતો. તેણે મેનેજરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ કુહાડી વડે ચેમ્બરના દરવાજા, કાચ, વોશરૂમના પેસેજનો કાચ અને મુખ્ય દરવાજાને નુકસાન પહોંચાડ્યું હતું. એટલું જ નહીં, બે કમ્પ્યુટર સિસ્ટમને પણ તોડી નાખી હતી. ઘટનાને પગલે બેંકમાં અફરાતફરી મચી ગઈ હતી. પોલીસે સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ગોલ્ડ લોનનાં ઘરેણાં છોડાવવા મુદ્દે વિવાદ થતાં બેંકમાં તોડફોડ, મેનેજરને સામાન્ય ઈજા**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: તેરસ
તા.૨૪-૧૦-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૨૭,
સૂર્યાસ્ત-૦૫:૪૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરભાદ્રપદ

## દૈનિક રાશિફળ

**તા.૨૪-૧૦-૨૦૨૬ શનિવાર**

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ: આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક: મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો,પરિવાર પ્રત્યે વધુ ભાવનાશીલ બનશો.

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુધ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે,

# સાવરકુંડલા કબીર ટેકરી ખાતે નિશુલ્ક નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૩

સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા, લાયન્સ ક્લબ ઓફ અમરેલી સીટી તથા સુદર્શન નેત્રાલય હોસ્પિટલ અમરેલીના સંયુક્ત ઉપક્રમે કબીર ટેકરી ખાતે તા. ૨૨/૧૦/૨૦૨૬ ગુરુવારે વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયેલ. કુલ ૭૨ દર્દીઓ એ ઓપીડીનો લાભ લીધેલ, જેમાંથી



મોતિયાની જરૂરીયાત વાળા ૧૯ દર્દીઓના નિશુલ્ક ઓપરેશન કરવામા આવેલ. કાર્યક્રમની શરુઆત અરુણ દાસજી સાહેબ તથા બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વિશાલ વ્યાસ, માધવ વ્યાસ, હિતેશભાઈ મકવાણા, જગદીશભાઈ જેઠવા અને જીતેનભાઈ હેલૈયાના હસ્તે દિપ પ્રાગટ્યથી થયેલ.

સુદર્શન નેત્રાલયના અતુલભાઈ દવે, નિલેષભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા તથા ટીમ અને સ્વયંસેવકોએ સરાહનીય સેવા આપેલ. આ નેત્ર યજ્ઞ છેલ્લા ૧૯ વર્ષ થી અવિરત યોજાય છે.

# કોરોના મૃતક એસ.ટી.કર્મચારીનો પરિવાર ૨૫ લાખની સહાયથી વંચિત

બગસરા,તા.૨૩

ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગે કોરોના દરમિયાન ફરજ પર અવસાન પામેલા એસ.ટી. નિગમના ૧૧૫ કર્મચારીઓના આશ્રિત પરિવારો માટે રૂ. ૨૫ લાખની સહાય મંજૂર કરી હતી. પરંતુ અમરેલી વિભાગીય કચેરીની લાપરવાઈના કારણે બગસરા ડેપોના મૃતક કર્મચારી પ્રફુલભાઈ દિક્ષિતનો પરિવાર સહાયથી વંચિત રહ્યો છે.બગસરા ડેપોએ મોકલેલી દરખાસ્ત અમદાવાદ સેન્ટ્રલ ઓફિસે મોકલાઈ જ નહોતી. આરટીઆઈમાં પણ ભ્રામક માહિતી અપાઈ હોવાનો આરોપ છે. તા. ૦૨/૦૯/૨૦૨૬ના પત્રમાં શરતચૂકથી નામ રહી ગયાનું સ્વીકારાયું છે, છતાં પરિવારને ધક્કા ખવડાવાય છે. પરિવારે તટસ્થ તપાસ અને દોષિતો સામે કડક પગલાંની માંગ કરી છે.

# જિલ્લામાંથી ૩૧ લોકો પીવાના દેશી દારૂ સાથે ઝડપાયા

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં વિવિધ જગ્યાઓએથી ૩૧ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો, જેમાં નવ મહિલાઓ પણ સામેલ હતી. આ સિવાય જિલ્લામાંથી ૧૨ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા, જેમની સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાંભાના ડેડાણ ગામે યુવક પર છરી વડે જીવલેણ હુમલો

**યુવકના કપાળના ભાગે ફ્રેક્ચર થયું**

ખાંભા,તા.૨૩

ખાંભાના ડેડાણ ગામે યુવક પર જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે કરણપરી પ્રવીણપરી ગોસાઈ (ઉ.વ.૨૭) એ ચેતન ઉર્ફે બુદ્ધો મનજીભાઈ સોંદરવા (રે. નવા માલકનેસ, તા. ખાંભા) તથા ઈઝહાર ઉર્ફે ભૂરો અમીનભાઈ બીલખીયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ આજથી ચારેક દિવસ પહેલાં ડેડાણ-નાગેશ્રી રોડ પર આવેલી માલધારી ટી સ્ટોલ ખાતે ફરિયાદીના પિતરાઈ ભાઈ ભાર્ગવપરી મહેશપરી ગોસાઈને આરોપી સાથે બોલાચાલી થઈ હતી. ભાર્ગવપરીએ ફોન કરી બોલાવતાં ફરિયાદી તથા તેમનો નાનો ભાઈ પ્રતીકપરી ત્યાં પહોંચ્યા હતા. તે વખતે આરોપીઓએ તેમની સાથે પણ તકરાર કરી હતી. જોકે, ગામના આગેવાન પ્રતાપભાઈ કોટીલાએ વચ્ચે પડી બંને પક્ષોને સમજાવીને મામલો થાળે પાડી ઘરમેળે સમાધાન કરાવી દીધું હતું.આ સમાધાન છતાં આરોપીઓએ મનમાં અદાવત રાખી હતી. ગત તા. ૨૧/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે અગિયારેક વાગ્યે ફરિયાદી નાગેશ્રી રોડ પર આવેલ શિવ ગેરેજથી ખોડિયાર કિરાણા સ્ટોર તરફ રસ્તો ઓળંગી રહ્યા હતા, ત્યારે બંને આરોપીઓ મોટરસાયકલ પર ત્યાં ધસી આવ્યા હતા.ચેતન ઉર્ફે બુદ્ધો મનજીભાઈ સોંદરવાએ પોતાની પાસે રહેલી લોખંડની પાઈપ વડે ફરિયાદીના પગ તથા હાથમાં ફટકા મારતાં તેઓ નીચે પટકાઈ પડ્યા હતા. ત્યારબાદ ઈઝહાર ઉર્ફે ભૂરો અમીનભાઈ બીલખીયાએ લોખંડની પાઈપ ઝૂંટવી લઈ જાનથી મારી નાખવાના ઈરાદે ફરિયાદીના માથાના પાછળના ભાગે એક ઘા ઝીંકી દીધો હતો. બીજો ઘા મારવા જતાં ફરિયાદી ખસી જતાં બચી ગયા હતા.ત્યારબાદ આરોપીએ પોતાની કમરમાંથી છરી કાઢી જાનથી મારી નાખવાના ઈરાદે માથા પર ઘા કરવા જતાં, તે ફરિયાદીની જમણી આંખની ઉપર કપાળના ભાગે વાગ્યો હતો. હુમલાખોરો ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં માથાના ભાગે ટાંકા લેવા પડ્યા હતા તેમજ કપાળના ભાગે ફ્રેક્ચર થયાનું નિદાન થયું હતું. આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. જી.એમ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**તંત્રી લેખ**

# રાષ્ટ્ર માટે સલામત જલમાર્ગનો વિકલ્પ દરિયાઈ પાઈપ લાઈન

ભારત અરબ અમીરાત વચ્ચે ગેસની પાઈપલાઈનનો પ્રોજેક્ટ વિચારવામાં આવી રહ્યો છે જેને કારણે સમુદ્રી જલ માર્ગની જરૂરિયાત નહીં રહે. મધ્ય પૂર્વના યુધ્ધને કારણે વિશ્વનો સૌથી વ્યસ્ત જળમાર્ગ અવરોધાયો છે. જેને કારણે કેપ ઓફ ગુડ હોપના જલમાર્ગનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. સુરક્ષાની દ્રષ્ટિએ કેટલીક પરિસ્થિતિમાં આ જલમાર્ગ ઉપયોગી બની શકે છે, પરંતુ તેની કિંમત પણ વધુ ચૂકવવી પડે . કેપ ઓફ ગુડ હોપ માર્ગે જહાજને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવો પડે છે. અંતર વધે છે. ઈંધણનો વપરાશ વધે છે. જહાજને ગંતવ્ય સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પરિણામે વિશ્વના સમુદ્રી વેપારમાં કેટલાક માર્ગો એવા છે, જે માત્ર બે દેશો કે બે ખંડોને જોડતા નથી, પરંતુ સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપે છે. સૂએઝ કેનાલ આવો જ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. ઈઝિપ્તમાં આવેલી આ માનવસર્જિત જળમાર્ગ વ્યવસ્થા ભૂમધ્ય સમુદ્રને લાલ સમુદ્ર સાથે જોડે છે. તેના કારણે એશિયા અને યુરોપ વચ્ચેના જહાજોને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવાની જરૂર પડતી નથી. આના વિકલ્પ રૂપે દરિયાઈ પાઈપલાઈનનો પ્રોજેક્ટ વિચારવામાં આવી રહ્યો છે.

ભારત જેવા દેશ માટે પણ સૂએજ કેનાલનું વિશેષ મહત્વ છે. ભારતમાંથી યુરોપ તરફ જતા અને યુરોપમાંથી ભારત તરફ આવતા મોટા પ્રમાણમાં માલસામાનનો સમુદ્રી વેપાર આ માર્ગ સાથે જોડાયેલો છે. પેટ્રોલિયમ, કાચો માલ, મશીનરી, ઔદ્યોગિક ઉત્પાદનો અને કન્ટેનર માલસામાનની અવરજવર માટે આ માર્ગ અત્યંત ઉપયોગી છે. સમય અને ઈંધણની બચત થતી હોવાથી સૂએજ માર્ગ વેપારીઓ માટે લાંબા સમયથી મહત્વનો રહ્યો છે. પરંતુ આજે સૂએજ કેનાલ સામે પડકારો વધી રહ્યા છે. તેમાં સૌથી મોટો પડકાર કેનાલની અંદર કરતાં તેની આસપાસના વિસ્તારમાં ઊભી થયેલી સુરક્ષાની સ્થિતિ છે. ખાસ કરીને લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં સર્જાયેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય જહાજ કંપનીઓએ પોતાના માર્ગ અંગે ફરી વિચારવું પડ્યું છે.

સૂએજ કેનાલ સાથે જોડાયેલો બીજો મહત્વનો મુદ્દો છે એક જ માર્ગ પર વધારે નિર્ભરતા. વિશ્વના વેપારનો મોટો હિસ્સો આ માર્ગ સાથે જોડાયેલો હોવાથી અહીં કોઈ મોટી અડચણ ઊભી થાય તો તેની અસર ઝડપથી સમગ્ર સપ્લાય ચેઈન પર પડી શકે છે.

સૂએજ કેનાલ વિશ્વના વેપારની ધમની છે. આ ધમનીને સરળતાથી વહેતી રાખવા માટે માત્ર કેનાલનું સંચાલન પૂરતું નથી. તેની આસપાસ શાંતિ, સુરક્ષા અને સ્થિરતા પણ એટલી જ જરૂરી છે. વૈશ્વિક વેપારની ગતિ જાળવવા માટે સુરક્ષિત સમુદ્રી માર્ગો આજે સમગ્ર વિશ્વની સામૂહિક જરૂરિયાત બની ગયા છે. આના વિકલ્પ રૂપે કેપ ઓફ ગુડ હોપ નો જલમાર્ગ ખુલ્લો છે. સલામત છે. ભારત મોટા ભાગે ઓઈલ અને નેચરલ ગેસ નું પરિવહન કરે છે આ માટે ગેસની પાઈપ લઈને નો પ્રોજેક્ટ વિચારવામાં આવી રહ્યો છે. આ અંગેના સર્વેની કાર્યવાહી પણ ટૂંક સમયમાં પ્રારંભ થઈ રહી છે.

# શરદપૂનમ : ચાંદની, શ્રધ્ધા અને સંસ્કૃતિનો સંગમ એટલે પ્રકૃતિનું સૌંદર્ય અને આરોગ્યનું વરદાન

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

શરદ ઋતુ ભારતીય ઋતુચક્રની સૌથી સુંદર અને શીતળ ઋતુઓમાંની એક છે. ચોમાસાના વરસાદ પછી આવતી આ ઋતુ સામાન્ય રીતે આસો અને કારતક મહિનામાં, એટલે કે સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી અનુભવાય છે. આ ઋતુમાં વાતાવરણમાં ભેજ ઘટે છે, આકાશ વાદળો વગર સ્વચ્છ અને નીલું દેખાય છે, અને હવામાન ઠંડુ અને સુખદ બને છે. દિવસો ગરમ રહે છે પણ રાત્રિઓ ઠંડી થવા લાગે છે, જે આ ઋતુની વિશેષતા છે. પરંતુ આ વર્ષે ગરમીનું પ્રમાણ વધુ છે. વાતાવરણમાં શીતલતા ઓછી અનુભવાય છે.

શરદ ઋતુ પ્રકૃતિના સૌંદર્યની ઋતુ છે. ખેતરોમાં પાક પીળો થઈને લણણી માટે તૈયાર થાય છે, વૃક્ષોમાં નવા ફૂલો ખીલે છે, અને શરદપૂનમની ચાંદની આ ઋતુને ખાસ બનાવે છે. આ સમયે ચંદ્ર પોતાની સોળે કળાએ ખીલેલો હોય છે અને તેની શીતળ કિરણો વાતાવરણમાં શાંતિ પ્રસરાવે છે.

આયુર્વેદ અનુસાર, શરદ ઋતુમાં શરીરમાં પિત્ત દોષનો પ્રકોપ વધે છે, જેના કારણે માંદગી, ત્વચાના રોગ અને શ્વાસની તકલીફ થઈ શકે છે. આથી આ ઋતુમાં શીતળ, હળવા અને સહેલાઈથી પચે તેવા ખોરાકનું સેવન કરવું જોઈએ. ખીર, દૂધ, ઘી, નારિયેળ, ફળો અને લીલા શાકભાજી આ ઋતુ માટે ઉત્તમ માનવામાં આવે છે. તીખું, ખારું અને ખૂબ ગરમ ખોરાક ટાળવો જોઈએ.

શરદ ઋતુ આનંદ, ઉત્સવ અને આરોગ્યનો સંગમ છે. નવરાત્રી, દુર્ગા પૂજા અને શરદપૂનમ જેવા તહેવારો આ ઋતુમાં જ ઉજવાય છે. આ ઋતુ આપણને પ્રકૃતિના સૌંદર્યની સાથે સ્વાસ્થ્યની કાળજી રાખવાનો સંદેશ આપે છે. ટૂંકમાં, શરદ ઋતુ પ્રકૃતિનું વરદાન છે, જે શીતળતા, ઉત્સાહ અને નવા જીવનનો અનુભવ કરાવે છે.

શરદપૂનમ, જેને કોજાગરી પૂર્ણિમા અથવા રાસ પૂર્ણિમા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે હિન્દુ ધર્મના સૌથી પ્રકાશમાન અને આનંદમય તહેવારોમાંનો એક છે. આ તહેવાર હિન્દુ કેલેન્ડર મુજબ આસો મહિનાની પૂર્ણિમાના દિવસે ઉજવવામાં આવે છે, જે સામાન્ય રીતે સપ્ટેમ્બરથી ઓક્ટોબરની વચ્ચે આવે છે. શરદ ઋતુના આગમન સાથે ઉજવાતો આ તહેવાર ચોમાસાના અંતનું સૂચન કરે છે અને ખેતીની લણણીની ખુશી સાથે જોડાયેલો છે. આ દિવસે ચંદ્ર પોતાની સોળે કળાએ ખીલેલો હોય છે અને તેની શીતળ ચાંદની પૃથ્વી પર અમૃતનો વરસાદ કરે છે એવી માન્યતા છે.

આ માટેની ધાર્મિક મહત્ત્વ અને પૌરાણિક કથાઓ જાણીતી છે. જે શરદપૂનમનું ધાર્મિક મહત્ત્વ બતાવે છે. સૌથી પ્રચલિત માન્યતા અનુસાર, આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણએ ગોપીઓ સાથે રાસલીલા શરૂ કરી હતી. શ્રીમદ્ ભાગવતના વર્ણન પ્રમાણે, આ રાત્રિએ શ્રી કૃષ્ણની



વાંસળીના સૂર સાંભળીને ગોપીઓ પોતાના ઘરનું બધું કામ અધૂરું મૂકીને તેમની પાસે દોડી આવી હતી. આથી આ દિવસને 'રાસ પૂર્ણિમા' પણ કહેવામાં આવે છે બીજી તરફ, લક્ષ્મીજી સાથે જોડાયેલી માન્યતા પ્રમાણે, આ રાત્રિએ દેવી લક્ષ્મી પૃથ્વી પર ભ્રમણ કરે છે અને પૂછે છે, 'કોજાગરતિ?' એટલે કે 'કોણ જાગે છે?' જે વ્યક્તિ આખી રાત જાગરણ કરે છે તેને દેવી લક્ષ્મી ધન અને સમૃદ્ધિના આશીવાંદ આપે છે. આથી જ આ તહેવારને 'કોજાગરી પૂર્ણિમા' કહેવામાં આવે છે ગુજરાતમાં આ દિવસે ચંદ્રના અજવાળામાં દૂધ અને પૌંઆ (ખીર) મૂકવાની પરંપરા છે. માન્યતા છે કે ચંદ્રની કિરણોમાં અમૃતત્વ હોય છે, જે ખીરમાં ઉતરે છે અને તેને પ્રસાદ રૂપે ગ્રહણ કરવાથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધે છે, ખાસ કરીને શ્વાસની બીમારીઓમાં રાહત મળે છે.

ભારતમાં આની સાંસ્કૃતિક ઉજવણી અને પરંપરાઓ અનેક છે. ૐ શરદપૂનમની ઉજવણી ભારતના વિવિધ ભાગોમાં પોતાની અનોખી રીતે કરવામાં આવે છે. ગુજરાતમાં નવરાત્રી પૂરી થયા બાદ પણ ગરબાનો ઉત્સાહ ચાલુ રહે છે. શરદપૂનમની રાત્રિએ મોડી રાત સુધી રાસ-ગરબાનું આયોજન કરવામાં આવે છે. લોકગીતોમાં પણ આ રાત્રિનું વર્ણન જોવા મળે છે, જેમ કે 'શરદપૂનમની રાતડી, રંગ ડોલરિયો' દક્ષિણ ગુજરાતમાં, ખાસ કરીને સુરતમાં ઉજવણી નદી કે દરિયાકિનારે કરવામાં આવે છે, જ્યાં લોકો ખીર ખાય છે અને રમતો રમે છે. બંગાળ અને ઓડિશામાં આ તહેવાર દુર્ગા પૂજા પછીના સૌથી મોટા તહેવારોમાંનો એક છે, જ્યાં મહિલાઓ સવારે વહેલા ઊઠીને સ્નાન કરે છે, નવા વસ્ત્રો પહેરે છે અને સૂર્યદેવને અન્ન અર્પણ કરે છે. તેઓ આખો દિવસ ઉપવાસ રાખે છે અને ચંદ્ર ઉગ્યા પછી ચંદ્રદેવની પૂજા કરીને ખીરનો પ્રસાદ ગ્રહણ કરે છે મહારાષ્ટ્રમાં આ દિવસે 'કોજાગરી'ની ઉજવણીમાં સફેદ રંગની વાનગીઓ, જેમ કે ખીર અને નારિયેળના દૂધનું વિશેષ મહત્ત્વ હોય છે. લોકો રાતભર જાગરણ કરે છે અને બુદ્ધિબળની રમતો જેવી કે ચેસ રમે છે.

આ પર્વની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક અને આયુર્વેદિક દૃષ્ટિકોણ પણ રહેલો છે. શરદપૂનમની પરંપરાઓ પાછળ માત્ર ધાર્મિક માન્યતાઓ જ નહીં, પણ વૈજ્ઞાનિક અને આયુર્વેદિક કારણો પણ રહેલા છે. આયુર્વેદ અનુસાર, શરદ ઋતુમાં શરીરમાં પિત્તનો પ્રકોપ વધે છે. ચંદ્રની શીતળ કિરણો અને ખીર જેવા શીતળ પદાર્થોનું સેવન પિત્તને શાંત કરવામાં મદદ કરે છે. આ સમયે ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક હોય છે, જેથી તેની ગુરુત્વાકર્ષણ શક્તિ અને પ્રકાશની અસર વધુ ગાઢ હોય છે. ચંદ્રના કિરણોમાં રહેલા શીતળ તત્વો ખીરમાં ભળી જાય છે અને તેને ઔષધીય ગુણોથી ભરપૂર બનાવે છે. આથી જ આ રાત્રિએ ખીરને ખુલ્લા આકાશ નીચે રાખવાની પરંપરા છે, જેથી ચંદ્રના કિરણો સીધા ખીર પર પડે અને તેમાં અમૃતત્વનો સંચાર થાય છે.

આધુનિક સંદર્ભમાં શરદપૂનમનું મહત્વ જાણવું જરૂરી છે. આજના આધુનિક યુગમાં પણ લોકો શરદપૂનમ તેનું મહત્ત્વ જાળવી રાખે છે. શહેરોમાં સોસાયટીઓ અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા આ દિવસે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. લોકો ટેરેસ પર કે બગીચામાં એકઠા થઈને ચાંદનીની મજા માણે છે, ખીર ખાય છે અને એકબીજા સાથે આનંદ વહેંચે છે. આ તહેવાર સામાજિક એકતા અને સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવાનું માધ્યમ બન્યો છે. શરદપૂનમ માત્ર એક ધાર્મિક તહેવાર નથી, પરંતુ તે પ્રકૃતિ, માનવ અને પરંપરા વચ્ચેના ગાઢ સંબંધનું પ્રતીક છે. ચાંદની ભરી રાત્રિએ લક્ષ્મીજીની કૃપા, શ્રીકૃષ્ણની રાસલીલા અને ખીરના પ્રસાદ દ્વારા આ તહેવાર આપણને આનંદ, સમૃદ્ધિ અને આરોગ્યનો સંદેશ આપે છે.

## શબ્દ સંજોગ-૨૨૮૬



**આડી ચાવી :**
(૧) બાર જ્યોતિલિંગોમાનુ એક (૪)
(૪) ડાળી, વિભાગ (૨)
(૭) એક વૃક્ષ (૨)
(૮) ભાર ભરવાનુ વાહન (૪)
(૯) મોકો, અનુકૂળ વખત (૨)
(૧૧) પતંગ (૪)
(૧૩) હંમેશા......નો જ જય થાય છે. (૨)
(૧૪) અગાઉ થઈ ગયેલુ (૨)
(૧૫) ખ્રિસ્તી શક - સવંત (૨)
(૧૬) રાજનિતીનાં ચાર ઉપયોગોમાંનો એક (૨)
(૧૭) કામ, કારણ (૨)
(૧૮) રસ્તો, રીત (૨)
(૧૯) દાવો, અધિકાર (૨)
(૨૧) તદન, બિલકુલ (૨)
(૨૩) .....મટી એટલે વૈદ વેરી (૩)
(૨૫) આશ્ચર્ય, નવાઈ (૩)
(૨૭)ડાબું (૨)
(૨૮) તાવીજ, બખતર (૩)
(૩૦) સાર, સત્વ (૪)
(૩૧) રંગબેરંગી, તરેહવાર (૪)

**ઉભી ચાવી :**
(૧) ......તેવી અસર (૩)
(૨) હોડી (૨)
(૩) બીક, ધ્રુજારી (૩)
(૪) શાકભાજી મિક્ષ થયા છે. (૪)
(૫) વહાણ ચલાવનારો (૩)
(૬) ભંડાર, નિધિ (૨)
(૧૦) શપથ, સોગંધ (૩)
(૧૨) બંદગી (૩)
(૧૫) અચાનક, એકદમ (૩)
(૧૬) એક રાગ (૩)
(૧૭) કાગડો (૨)
(૧૯) મક્કાની જાત્રા (૨)
(૨૦) એક તોલ (૨)
(૨૨) હિલચાલ,આંદોલન (પર્યાય આ-અ) (૪)
(૨૪) અંજામ, પરિણામ (૩)
(૨૫) સોનુ (૨)
(૨૬) કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચકતી (૩)
(૨૭) મુકામ, વસાવટ (૨)
(૨૯) પક્ષ, તરફેણ (૨)

## શબ્દ સંજોગ-૨૨૮૫ જવાબ

**આડી ચાવી:** (૧) અંગિરસ (૫) અત્રિ (૬) મરકમરક (૯) રટણ (૧૧) જરાક (૧૩) પારસ (૧૫) મદ (૧૬) પાલખ (૧૮) તમણ (૧૯) રફુ (૨૧) બાજ (૨૩) રવે(વેર) (૨૪) તાન (૨૫) સેલવાસ (૨૭) કેર (૨૯) રદન (૩૦) કપાસ. **ઉભી ચાવી:** (૧) અંતર (૨) રમણ (૩) સર (૪) હેમ (૫) અકરામ (૭) કસરત (૮) રજ (૧૦) ટહેલ (૧૨) કદર (૧૪) સમર (૧૬) પાન (૧૭) ખર (૨૦) ફુરસદ (૨૧) બાન (૨૨) બાલ (૨૪) તારક (૨૫) સેન (૨૬) વાર (૨૮) પ્રાસ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૭૮૦ | ૨૦૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૭૨ | ૭૧૧ |
| જુવાર સફેદ | ૧૩૬૦ | ૧૫૯૫ |
| જુવાર પીળી | ૩૭૫ | ૫૪૮ |
| બાજરી | ૪૦૦ | ૪૯૦ |
| તુવેર | ૧૪૧૪ | ૧૯૪૦ |
| ચણા પીળા | ૧૨૨૦ | ૧૪૬૦ |
| ચણા સફેદ | ૧૪૨૦ | ૨૨૮૦ |
| અડદ | ૧૪૫૦ | ૨૦૬૮ |
| મગ | ૧૩૩૦ | ૧૭૪૫ |
| વાલ દેશી | ૩૫૦ | ૧૫૬૦ |
| વાલ પાપડી | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ચોળી | ૯૭૦ | ૧૭૫૦ |
| વટાણા | ૭૫૦ | ૧૦૫૨ |
| રાજમા | ૧૮૦૦ | ૨૧૬૬ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૯૮૫ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૭૩૫ |
| મગફળી જીણી | ૧૪૫૦ | ૧૮૧૫ |
| તલી | ૨૩૫૦ | ૩૨૩૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૫૮૭ |
| સોયાબીન | ૧૩૩૦ | ૧૫૨૧ |
| સીંગફાડા | ૧૬૬૦ | ૧૮૨૫ |
| કાળા તલ | ૨૭૦૦ | ૩૯૫૦ |
| લસણ | ૧૧૨૫ | ૨૫૧૦ |
| ધાણા | ૨૮૦૦ | ૩૧૨૦ |
| મરચા સુકા | ૩૧૦૦ | ૫૪૦૦ |
| ધાણી | ૨૮૫૦ | ૩૨૨૫ |
| વરીયાળી | ૨૦૦૦ | ૨૭૯૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૧૫૦ |
| રાય | ૧૬૨૫ | ૧૯૬૫ |
| મેથી | ૭૮૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૪૬૨૦ | ૫૧૬૦ |
| રાયડો | ૧૪૦૦ | ૧૬૮૦ |
| રજકાનું બી | ૫૫૦૦ | ૭૯૫૦ |
| ગુવારનું બી | ૧૩૦૦ | ૧૬૪૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૧૩૨૧ | ૨૬૧૮ |
| પપૈયા | ૧૫૩ | ૩૦૧ |
| બટેટા | ૩૦૪ | ૩૪૧ |
| ડુંગળી સુકી | ૩૪૨ | ૮૬૫ |
| ટમેટા | ૧૫૫ | ૩૯૨ |
| સુરણ | ૪૮૮ | ૬૫૮ |
| કોથમરી | ૬૨૬ | ૧૧૯૨ |
| મુળા | ૨૫૭ | ૩૬૪ |
| રીંગણા | ૧૦૭ | ૨૧૨ |
| કોબીજ | ૭૮ | ૧૦૨ |
| ફ્લાવર | ૧૧૪ | ૨૧૩ |
| ભીંડો | ૩૪૬ | ૭૬૪ |
| ગુવાર | ૪૮૯ | ૧૧૫૩ |
| ચોળાસીંગ | ૩૫૪ | ૭૮૪ |
| વાલોળ | ૪૧૩ | ૬૫૮ |
| ટીંડોળા | ૨૧૪ | ૬૦૧ |
| દુધી | ૮૩ | ૧૪૪ |
| કારેલા | ૨૨૫ | ૪૯૭ |
| સરગવો | ૮૯૧ | ૧૭૭૬ |
| તુરીયા | ૩૨૩ | ૭૨૧ |
| પરવર | ૭૫૪ | ૯૮૩ |
| કાકડી | ૨૮૩ | ૯૭૫ |
| ગાજર | ૩૯૭ | ૬૫૪ |
| વટાણા | ૨૦૨૭ | ૨૯૭૨ |
| તુવેરસીંગ | ૪૩૭ | ૬૩૦ |
| કંટોળા | ૧૫૯૭ | ૧૯૨૧ |
| ગલકા | ૧૭૪ | ૪૦૧ |
| બીટ | ૩૧૧ | ૪૧૨ |
| મેથી | ૬૨૭ | ૧૨૨૪ |
| વાલ | ૮૧૪ | ૧૦૨૩ |
| ડુંગળી લીલી | ૩૦૧ | ૪૯૬ |
| આદુ | ૧૪૦૭ | ૩૦૨૧ |
| મરચા લીલા | ૪૯૭ | ૮૧૧ |
| હળદર લીલી | ૫૦૫ | ૬૮૪ |
| લસણ લીલું | ૨૫૧૪ | ૪૦૧૦ |
| મગફળી લીલી | ૫૨૬ | ૮૩૨ |
| મકાઇ લીલી | ૧૪૨ | ૨૯૦ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૯૩૧ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૭૨૧ |
| ઘઉં ટુકડા | ૫૩૪ | ૮૬૧ |
| સિંગદાણા જાડા | ૧૬૪૧ | ૨૦૨૧ |
| સિંગ ફાડીયા | ૧૦૨૬ | ૨૦૩૧ |
| એરંડા / એરંડી | ૧૩૫૧ | ૧૭૩૬ |
| તલ લાલ | ૨૮૩૧ | ૨૯૨૧ |
| જીરૂ | ૨૯૫૧ | ૫૩૮૧ |
| ક્લંજી | ૨૯૦૧ | ૫૧૧૧ |
| ધાણા | ૨૯૦૦ | ૩૩૩૧ |
| ડુંગળી લાલ | ૨૧૧ | ૯૯૧ |
| અડદ | ૮૦૦ | ૧૯૭૧ |
| તુવેર | ૭૦૧ | ૧૯૫૧ |
| મેથી | ૧૦૨૬ | ૧૪૧૧ |
| તલ - તલી | ૨૩૦૧ | ૩૫૧૧ |
| ધાણી | ૨૮૦૦ | ૩૨૯૧ |
| બાજરો | ૪૮૧ | ૫૦૧ |
| જુવાર | ૫૦૦ | ૧૭૩૧ |
| મકાઇ | ૪૩૧ | ૫૨૧ |
| મગ | ૧૦૦૦ | ૧૯૨૬ |
| વાલ | ૧૪૨૬ | ૧૪૨૬ |
| ચોળા / ચોળી | ૧૭૨૬ | ૧૭૨૬ |
| રજકાનું બી | ૧૦૦૦ | ૭૧૦૧ |
| ગોગળી | ૯૭૬ | ૧૪૯૧ |
| વટાણા | ૩૯૧ | ૭૫૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૪૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૧૪૦ |
| દુધી | ૮૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| અંબાળા | ૪૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂર્ણ | ૨૦૦ | ૧૮૦૦ |
| કીકોડા | ૫૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૫ | ૭ |
| ચોરા | ૧૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૬૦૦ |
| વાલોર | ૧૮૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૪૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૭ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૬૧૫ | ૧૬૧૫ |
| ગીરનાર શિંગ | ૧૧૫૦ | ૧૫૮૫ |
| શિંગ મોટી | ૧૦૭૦ | ૧૬૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૩૩૩૫ |
| તલ કાળા | ૨૫૪૦ | ૪૨૭૦ |
| તલ કાશમીરી | ૨૭૫૦ | ૨૮૪૦ |
| બાજરો | ૩૦૦ | ૪૪૫ |
| જુવાર | ૫૪૦ | ૧૩૭૫ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૭૪૫ |
| ઘઉં લોકવન | ૫૪૫ | ૬૩૦ |
| મકાઈ | ૪૯૦ | ૫૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૪૪૫ |
| ચણા દેશી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૧૩૬૦ | ૧૫૦૦ |
| છોલે ચણા | ૧૫૦૫ | ૨૦૦૫ |
| તુવેર | ૧૨૪૫ | ૧૮૫૦ |
| કપાસ | ૧૦૪૫ | ૧૯૭૫ |
| એરંડા | ૧૫૧૫ | ૧૫૧૫ |
| જીરૂ | ૪૮૨૦ | ૫૧૦૦ |
| રાયડો | ૧૫૩૦ | ૧૫૮૫ |
| રાય | ૧૩૦૦ | ૧૭૨૫ |
| ધાણી | ૨૩૩૦ | ૨૯૭૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૪૫૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૫૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૩૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૨૦ | ૫૩૦ |
| ગલકા | ૩૧૦ | ૪૨૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૯૫૦ |
| ચોળા લીલા | ૪૩૦ | ૫૧૦ |
| તુરીયા | ૫૨૦ | ૬૩૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૫૦ | ૧૨૩૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૫૫૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૪૦૦ | ૧૫૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૧૦ | ૯૨૦ |
| ડુંગળી સુકી | ૮૦૦ | ૮૬૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૩૫૦ |
| પાલક | ૫૨૦ | ૬૦૦ |
| લીબુ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૪૦ |
| લીલી તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| ચીભડા | ૫૫૦ | ૬૮૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૬૫૦ |
| શીંગ મોટી | ૧૩૩૦ | ૧૭૩૫ |
| તલ સફેદ | ૨૫૭૫ | ૩૨૩૫ |
| તલ કાળા | ૩૨૫૦ | ૪૧૦૦ |
| જીરૂ | ૪૮૫૧ | ૫૦૮૧ |
| કપાસ | ૧૯૦૦ | ૧૯૮૫ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૧૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૫૧૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૦૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૫૫૦ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૯૪૧ |
| મગફળી | ૧૩૫૦ | ૧૫૫૫ |
| તુવેર | ૧૪૫૨ | ૧૭૯૦ |
| અડદ | ૧૮૪૫ | ૧૮૪૫ |
| એરંડા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| સોયાબીન | ૧૧૯૧ | ૧૩૩૩ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૮૬૦ | ૧૯૯૫ |
| ઘઉ ટુકડા | ૫૩૬ | ૫૫૯ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૩૪ |
| અડદ | ૧૯૬૦ | ૧૯૬૦ |
| મગફળી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૪૩૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| સોયાબીન | ૧૦૩૧ | ૧૪૨૮ |
| ધાણા | ૩૦૫૦ | ૩૦૫૦ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૩૧૦૦ |
| રાય | ૧૬૯૦ | ૧૬૯૦ |
| ચણા સોલે | ૧૮૧૫ | ૧૮૧૫ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ | ૧૭૮૦ | ૧૯૮૦ |
| કપાસ મીડીયમ | ૧૬૫૦ | ૧૭૬૦ |
| મગફળી | ૧૪૧૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૨૫૬૫ | ૩૬૦૦ |
| તલ કાળા | ૩૧૭૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૪૨૬૮ | ૫૧૫૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૪૪૦ |
| ઘઉં | ૫૪૮ | ૬૦૦ |
| મગ | ૧૬૧૦ | ૧૯૮૦ |
| સોયાબીન | ૧૨૭૫ | ૧૩૫૭ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૭૦૧ | ૨૦૦૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૮૪ |
| જુવાર | ૫૦૧ | ૫૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૪૨૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૮૩૬ |
| તુવેર | ૧૮૧૬ | ૧૮૧૬ |
| મગફળી | ૭૦૧ | ૧૫૯૬ |
| તલ સફેદ | ૨૬૦૧ | ૨૬૦૧ |
| તલ કાળા | ૩૨૭૧ | ૩૨૭૧ |
| મેથી | ૧૨૩૧ | ૧૨૩૧ |
| જીરૂ | ૪૯૭૧ | ૪૯૭૧ |
| લસણ | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૪૮૧ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૧૧૫૦ | ૧૬૪૧ |
| શીંગ દૃદ | ૧૩૦૦ | ૨૦૩૦ |
| શીંગ જી-૨૦ | ૧૨૫૦ | ૧૬૯૬ |
| જુવાર | ૫૦૦ | ૯૨૧ |
| બાજરી | ૫૦૦ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૯૬ |
| અડદ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| મગ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૩૩૩૪ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૦૭૨ |
| તુવેર | ૧૮૧૦ | ૧૮૧૦ |
| ડુંગળી લાલ ન. | ૯૯ | ૭૭૪ |
| ડુંગળી સફેદ જુ. | ૨૧૬ | ૪૩૪ |
| કપાસ શંકર | ૧૮૦૦ | ૧૮૬૭ |
| નાળીયેર | ૫૯૦ | ૩૪૧૫ |
| સોયાબીન | ૧૨૯૦ | ૧૪૧૯ |
| મઠ | ૧૮૦૦ | ૧૮૦૦ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી નવી | ૧૩૫૦ | ૧૬૭૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૨૫ |
| ઘઉં | ૫૧૧ | ૬૩૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૯૬૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૯૮ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૯૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૦૬૫ |
| સોયાબીન | ૧૧૪૦ | ૧૪૦૨ |
| કપાસ | ૧૬૫૦ | ૧૮૩૪ |
| જુવાર | ૧૧૦૦ | ૧૬૦૦ |

| ખાંભા | | |
|---|---|---|
| કપાસ | ૧૮૩૯ | ૧૯૪૬ |
| મગફળી | ૧૬૫૧ | ૧૯૧૫ |
| ચણા | ૧૧૯૧ | ૧૪૧૯ |
| સોયાબીન | ૧૨૧૩ | ૧૩૬૭ |
| અડદ | ૧૬૫૨ | ૧૮૦૫ |

| જામનગર | | |
|---|---|---|
| બાજરો | ૪૭૨ | ૪૮૧ |
| ઘઉં | ૫૫૦ | ૬૨૮ |
| મગ | ૧૪૬૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૬૩૫ | ૨૦૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૮૦૦ |
| ચોળી | ૧૨૦૦ | ૧૮૪૦ |
| વાલ | ૧૪૫૦ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૩૦ |
| એરંડા | ૧૬૦૦ | ૧૬૮૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૯૨૫ |
| લસણ | ૮૦૦ | ૨૪૯૫ |
| કપાસ | ૧૮૪૦ | ૧૯૮૫ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૨૯૦ |
| અજમો | ૨૮૦૦ | ૪૭૫૦ |
| અજમા ની ભૂસી | ૧૬૦ | ૩૧૧૫ |
| ધાણા ધાણી | ૧૦૦૦ | ૧૭૦૮ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૯૭૫ |
| કલોંજી | ૧૨૦૦ | ૫૧૯૦ |
| સોયાબીન | ૧૩૬૦ | ૧૩૯૫ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| તલી | ૨૯૦૦ | ૩૧૬૫ |
| મરચા | ૨૬૫૦ | ૫૧૦૫ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૩૦૦ | ૧૫૨૩ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૫૧ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૭૭૧ | ૧૯૨૦ |
| બાજરો | ૫૭૦ | ૫૮૯ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૧૮ |
| જુવાર | ૫૮૦ | ૧૫૪૦ |
| મગ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૫૨ |
| ચણા | ૧૧૫૨ | ૧૩૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૩૩૫ |
| રજકા બી | ૯૦૦૦ | ૯૦૦૦ |

| લીલીયા મોટા | | |
|---|---|---|
| કપાસ | ૧૮૮૮ | ૧૯૪૩ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં આજે બ્રહ્મસમાજનો ભવ્ય બ્રહ્મ રાસોત્સવ યોજાશે

અમરેલી,તા.૨૩

અમરેલી શહેર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત ભવ્ય બ્રહ્મ રાસોત્સવ ૨૦૨૬નું આયોજન તા. ૨૪-૧૦-૨૦૨૬, શનિવારના રોજ રાત્રે ૯:૦૦ કલાકે ગણેશ પાર્ટી પ્લોટ, લાઠી રોડ, અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના મેઈન સ્પોન્સર મધુવન ગોલ્ડ આર્ટ તેમજ કો. સ્પોન્સર તરીકે હોટલ દર્શન, મજેદાર મસાલા, કૌશલ દવે એસોશિયેટ અને ઓરેન્જ હ્યુન્ડાઈ રહ્યા છે. આ સમગ્ર કાર્યક્રમ બ્રહ્મસમાજ શહેર સમિતિના ભગીરથભાઈ ત્રિવેદીના માર્ગદર્શન નીચે તૈયારી થઈ રહી છે એન્ટ્રી પાસ પરશુરામ ધામ, રેલ્વે સ્ટેશન પાસે તથા શહેરના ૧૫ સ્થળોથી મળશે. રાસોત્સવમાં માત્ર બ્રહ્મ પરિવારના બાળકો, યુવાનો, બહેનો, માતાઓ તેમજ વડીલો જ રાસ રમી શકશે. દરેક વ્યક્તિએ એન્ટ્રી પાસ સાથે આધારકાર્ડ લાવવું ફરજિયાત છે. ખેલૈયાઓએ ગ્રાઉન્ડમાં રમવા માટે રૂ. ૫૦નો ખેલૈયા પાસ મેળવવાનો રહેશે. કાર્યક્રમની આવક પરશુરામધામ -અમરેલી મંદિરમાં વપરાશે. આ રાસોત્સવ કાર્યક્રમ માટે અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજનાં પ્રમુખ તુષાર જોષી, મહામંત્રી તેજસ ત્રિવેદી, જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મ સમાજના પ્રમુખ કનક જાની, મહામંત્રીઓ પ્રિયંક પંડયા, વિશાલ ઠાકર, અમરેલી શહેર સમસ્ત યુવા બ્રહ્મ સમાજના પ્રમુખ ઉમંગ ત્રિવેદી, મહામંત્રીઓ બાબુલ ત્રિવેદી, કરણ જાની, જિલ્લા સમસ્ત મહિલા બ્રહ્મ સમાજના પ્રમુખ કલ્પનાબેન જાની, મહામંત્રીઓ અલ્પાબેન જોષી, ક્ષમાબેન જાની, શહેર સમસ્ત મહિલા બ્રહ્મ સમાજના પ્રમુખ જલ્પાબેન ત્રીવેદી, મહામંત્રીઓ ફાલ્ગુનીબેન પંચોલી, વિરાજબેન વ્યાસ સહિતનાઓએ આમંત્રણ પાઠવ્યુ છે. આ કાર્યક્રમનાં પ્રોજેકટ ચેરમેન રાજનભાઈ જાની, હસુદાદા જોષી, કિશોરભાઈ ભટ્ટ સહિત તમામ કારોબારી સભ્યો રહ્યા છે. આ રાસોત્સવ વ્યવસ્થાપક કમિટીમાં મૌલિક ઉપાધ્યાય, ગોપાલ ભટ્ટ, રાજ જાની, સંદિપ ત્રીવેદી, રઘુ ભટ્ટ, ડો.ભવનેશ ભટ્ટ, ચેતન રાજયગુરૂ, કિશન શિલુ, હરનિલ ત્રિવેદી, સુનિલ રાજયગુરુ, જીગીશુ મહેતા, સાહસ ઉપાધ્યાય, ડો. નિખિલેશ જાની, દિગંત ભટ્ટ, લીરેન ઠાકર, પ્રકાશ રાજગોર, હસુભાઈ રાજયગુરુ, સંદીપ પંડયા, સંજય જોષી, વિપુલ દવે, ધવલભાઈ ઠાકર, કેવલ મહેતા, મુકેશ પંડયા, અર્જુન દવે, અજીત પંડયા, ભગીરથ જોષી, ચંદ્રેશ મહેતા, ધ્યેય પંડયા, સંજય પંડયા, ધર્મેન્દ્ર પંડયા, સંજય દવે, રાજુ પંચોલી, ઋષિ ભટ્ટ, અમિત જાની, દર્શ જોષી, રવિ પંડયા, ડો.પરેશ જોષી, અમરીશ રાજયગુરુ, કૃણાલ ત્રિવેદી, અમિત જોષી, સાગર મહેતા, ભાર્ગવ અધ્યારૂ, નિમિરાજ મહેતા, હાર્દિક ત્રીવેદી, હાર્દિક વ્યાસ, સાગર વ્યાસ, ભાર્ગવ ત્રિવેદી, લાલો જોષી, સંદીપ એચ. ત્રિવેદી, ધવલ દવે, મિહિર ત્રિવેદી, અમરીશ જોષી, ગૌરવ મહેતા, વરૂણ ભટ્ટ, ધવલ દવે, મિહિર ત્રિવેદી, અમરીશ જોષી, વરૂણ ભટ્ટ, ધવલ દવે, પિયુષ કનાડા, પાર્થ આર.રાવળ, ભૂષણ મહેતા, અભય કવિશ્વર, કલ્પેશ ઠાકર, વિશાલ જોષી, પ્રદિપ ઠાકર, ભાર્ગવ શુકલ, કાર્તિક દવે, માધવ શુકલ, પરેશ જાની, યશ દવે, કૌશલ ત્રિવેદી, આકાશ કે. જોષી, નવીન જોષી, લીગ્રેશ જોષી, સન્ની પુરોહિત, જયરાજ જોષી, વિવેક વ્યાસ, માધવ ભટ્ટ, હર્ષદ ત્રિવેદી, મનિષ પંડયા, કૃણાલ વ્યાસ, કપીલ પંડયા, દિવ્યેશ જોષી, કેયુર વ્યાસ, મેહુલ મહેતા, આકાશ જાની, જીગ્નેશ જોષી, સમીર પંડયા, ભાવેશ બી. ત્રિવેદી, સમીર જાની ,બકુલભાઈ ભટ્ટ, નિલેષભાઈ જોષી, રાજુભાઈ પંડયા, મનિષભાઈ ત્રિવેદી, જીતુભાઈ મિશ્રા, ઈલેશ ભટ્ટ સહિત સમગ્ર શહેર અને જિલ્લા બ્રહ્મ સમાજની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલમાં અમેરિકાના સાયકિયાટ્રિસ્ટ ડોક્ટર દર્દીઓની તપાસ કરશે

**૭ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન સેવા આપશે; તપાસ માટે અગાઉથી નામ નોંધાવવું ફરજિયાત**

ટીંબી,તા.૨૩

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ - ટીંબી ખાતે અમેરિકાના માનસિક રોગોના નિષ્ણાંત (Psychiatrist) ડો. ભુપેન્દ્ર રાજપુરા દર્દીઓની તપાસ કરશે. તેઓ આગામી તારીખ ૦૭/૧૨/૨૦૨૬ થી તારીખ ૨૪/૧૨/૨૦૨૬ સુધી રોજ અહીં આવતા દર્દીઓની તપાસ કરી તબીબી સેવાઓ પૂરી પાડશે.આ તપાસ માટે દર્દીઓએ અગાઉથી નામ નોંધાવવું જરૂરી રહેશે. દર્દીઓ ફોન દ્વારા અથવા રૂબરૂ જઈને નામ નોંધાવી શકે છે. નામ નોંધાવ્યા બાદ દર્દીને તારીખ અને સમય ફાળવવામાં આવશે, અને માત્ર તે મુજબ જ દર્દીઓની તપાસ કરવામાં આવશે. નામ નોંધણી માટે ૮૧૫૬૦ ૯૯૯૫૩, ૮૭૫૮૨ ૩૪૭૪૪ અથવા ૦૨૮૪૩-૨૪૨૦૪૪/૪૪૪ નંબર પર સંપર્ક કરવાનો રહેશે.

## કુંકાવાવના લુણીધાર ગામે ઉર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું

અમરેલી,તા.૨૩



અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બનાવવાની દિશામાં કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામે ઉર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. અંદાજિત રૂ. ૧૦ લાખના ખર્ચે કોઝ-વે અને સી.સી. રોડનું નિર્માણ થશે, જેનાથી ગ્રામજનોને અવરજવરમાં સરળતા રહેશે. આ પ્રસંગે મંત્રીએ પશુપાલક દિનેશભાઈના તબેલાની મુલાકાત લઈ પશુપાલન વિશે માહિતી મેળવી હતી. રાજ્યકક્ષાના મંત્રી તરીકે એક વર્ષ પૂર્ણ કરવા બદલ કાર્યકર્તાઓએ તેમનું સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, સભ્ય આશિષભાઈ અકબરી, અગ્રણીઓ મધુભાઈ હરખાણી, પી. વી. વસાણી, સરપંચ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં રાષ્ટ્રીય કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ખેલાડીઓની પસંદગી માટે ટ્રાયલનું આયોજન

**જિલ્લાના તમામ રમતવીરો/શાળાઓને આ તકનો લાભ લેવા અનુરોધ**

અમરેલી,તા.૨૩

નેશનલ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ જુનિયર એથ્લેટિક્સ મીટ (NIDIAM)માં ભાગ લેવા માટે અમરેલી જિલ્લાના ખેલાડીઓની પસંદગી માટેના ટ્રાયલનું આયોજન કરવામાં આવેલ છે. વય જૂથ: -૧૪ /U-૧૬ ભાઈઓ / બહેનો અમરેલી જિલ્લાના તમામ રમતવીરો/ શાળાઓને આ તકનો લાભ લેવા અને વધુ માહિતી માટે દર્શાવેલ નંબર પર સંપર્ક કરવા અથવા નિર્ધારિત સમયે સ્થળ પર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. વિદ્યાસભા સ્કૂલ, લાઠી રોડ, અમરેલી ખાતે તા. ૨૫-૧૦-૨૦૨૬ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યે મો.૯૬૮૭૮૮૭૧૨૪, ૮૮૬૬૧૩૦૭૫૯ પર સંપર્ક કરવો.

## લીલીયા તાલુકામાં ઘરની બહાર વીજ મીટર લગાવવા સામે વિરોધનો વંટોળ

**તાલુકા પંચાયત પ્રમુખે મીટર સુરક્ષિત સ્થળે લગાવવા માંગ કરી**

લીલીયા,તા.૨૩

લીલીયા તાલુકાનાં વિવિધ ગામોમાં દ્વારા વીજ ગ્રાહકોનાં ઘરની બહાર શેરીઓમાં થાંભલા પર અથવા ખુલ્લી જગ્યાએ વીજ મીટર લગાવવાની કામગીરી સામે સુરક્ષાના મુદ્દે સવાલો ઊઠ્યા છે. આ મામલે તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલિયાએ સંબંધિત વીજ તંત્રને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ખુલ્લી જગ્યાએ લગાવવામાં આવતાં વીજ મીટરની ચોરી થવાની તેમજ અસામાજિક તત્ત્વો દ્વારા નુકસાન પહોંચાડવાની શક્યતા છે. ઉપરાંત, વરસાદી પાણીના કારણે શોર્ટ સર્કિટ કે અકસ્માત થવાનો ભય પણ વ્યક્ત કરવામાં આવ્યો છે. આવી ઘટનામાં જવાબદારી કોની રહેશે તે અંગે સ્પષ્ટતા કરવાની માંગ કરવામાં આવી છે.જગદીશભાઈ દેથલિયાએ વીજ ગ્રાહકોનાં મીટર ઘરની અંદર અથવા સુરક્ષિત જગ્યાએ લગાવવાની માંગ કરી છે. જો મીટર ઘરની બહાર લગાવવામાં આવે અને ચોરી કે નુકસાન થાય, તો તેની કાયદાકીય તથા આર્થિક જવાબદારી PGVCL તંત્રની રહેશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવા પણ રજૂઆત કરવામાં આવી છે.

## અમરેલીના શીતલ આઈસક્રીમનો હરિયાણાના ફરીદાબાદ ખાતેથી નવી ડિસ્ટ્રિબ્યુશન ચેનલનો શુભારંભ

ફરીદાબાદ ,તા.૨૩



શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડની જાણીતી બ્રાન્ડ 'શીતલ આઈસક્રીમે' હરિયાણાના ફરીદાબાદ ખાતેથી પોતાની નવી ડિસ્ટ્રિબ્યુશન ચેનલ શરૂ કરીને દેશવ્યાપી વિસ્તરણમાં નવું સીમાચિહ્ન સર કર્યું છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, પશ્ચિમ બંગાળ સહિત દેશના અનેક રાજ્યોમાં સફળતા મેળવ્યા બાદ હવે હરિયાણાના ગ્રાહકો સુધી પણ કંપનીની ગુણવત્તા યુક્ત પ્રોડક્ટ્સ પહોંચશે. આ ઉપરાંત, કંપની વિશ્વના ૧૬થી વધુ દેશોમાં પણ ઉત્પાદનોની નિકાસ કરી રહી છે.

આ પ્રસંગે કંપનીના ડિરેક્ટર શ્રી હાર્દિકભાઈ ભુવા તેમજ સમગ્ર શીતલ પરિવાર દ્વારા ફરીદાબાદ માટેના પ્રથમ કન્ટેનરને લીલી ઝંડી આપી રવાના કરવામાં આવ્યું હતું. ગ્રાહકોનો વિશ્વાસ અને ગુણવત્તાને પ્રાથમિકતા આપતી શીતલ આઈસક્રીમ હરિયાણામાં આ નવી સફર સાથે પોતાના રાષ્ટ્રીય વિસ્તરણને નવી ગતિ આપશે. કંપનીનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના ખૂણે-ખૂણે ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ ઉપલબ્ધ કરાવવાનો છે.

## દામનગરમાં અખબારી અહેવાલની અસર: ખુલ્લી ગટર ઉપર સીમેન્ટના પાપડા તાત્કાલિક મુકાયા

દામનગર,તા.૨૩



દામનગરમાં ગર્લ્સ હાઈસ્કૂલની સામે ફૂટપાથ નીચેની ગટરલાઈન ઉપર કુંડીનું ઢાંકણું તૂટેલી હાલતનો અહેવાલ અખબારમાં પ્રસિધ્ધ થતાં ૨૪ કલાકમાં કુંડી ઉપર નગરપાલિકા પ્રમુખે સૂચના આપતા સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રદિપભાઈ અને કર્મચારીઓએ શુક્રવારે સવારનાં સમયે સીમેન્ટના પાપડા ફિટ કરતા રાહદારીઓને રાહત થઈ છે. હવે દિવાળીના પર્વો નજીક છે ત્યારે તુટેલા અને અકસ્માત સર્જાઈ શકે એવા રસ્તાઓ ડામરથી મઢવામાં આવે અને જ્યાં-જ્યાં પેવર બ્લોક તુટી ગયા છે તેમજ લેવલ ન હોય ત્યાં મરામત કરવામાં આવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે. આ ઉપરાંત રામજી મંદિરના દરવાજાની સામે મુખ્ય બજારમાં લગભગ એક વર્ષથી વધુ સમયથી પેવર બ્લોક લેવલમાં ન હોય અને ઉખડી ગયેલ હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને તકલીફ પડી રહી હોય અખબારના આ અહેવાલની નોંધ નવા આવેલ ચીફ ઓફિસર અને જનતાના સેવકો નોંધ લે તેવી માગણી થઈ રહી છે.

## ગીર સોમનાથ જિલ્લા કક્ષાની વૉલીબૉલ સ્પર્ધામાં સોમનાથ એકેડેમી પ્રથમ

ઉના,તા.૨૩



ગીર સોમનાથ જિલ્લા કક્ષાની કે.એમ.કે. રમતોત્સવની વૉલીબૉલ સ્પર્ધા કોડીનાર તાલુકાના સરખડી ગામે યોજાઈ હતી. જેમાં ડી.એલ. એસ.એસ. સોમનાથ એકેડેમી કોડીનારના અંડર-૧૪ ભાઈઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ બદલ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કૃણાલભાઈ સોલંકી, સ્પોર્ટ્સ ડાયરેક્ટર સંજયભાઈ સોલંકી, મેનેજર રણજીતભાઈ દાહીમા, કોચ ગીતાબેન વાળા, ટ્રેનર હેતલબેન ઝાલા સહિત શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## અમરેલી ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં દુકાનોના ભાડા ન વધારવા ચીફ ઓફિસર સમક્ષ વેપારીઓની રજૂઆત

**મંદીના માહોલમાં ટ્રાન્સફર ફી ઘટાડવા અને વેપારીઓને સાંભળ્યા વગર નિર્ણય ન લેવા માંગ કરાઈ**

અમરેલી,તા.૨૩

અમરેલી નગરપાલિકા સંચાલિત ઈન્દિરા શોપિંગ સેન્ટરની દુકાનોના ભાડામાં કોઈ પણ જાતનો વધારો ન કરવા તેમજ ઊંચી ટ્રાન્સફર ફીમાં ઘટાડો કરવા અંગે પ્રમુખ યોગેશકુમાર આર. કોટેચા દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, હાલ પ્રવર્તતી આર્થિક મંદીના કારણે વેપારીઓની સ્થિતિ કફોડી છે. તેથી તારીખ ૩૧/૦૭/૨૦૨૭ના રોજ ભાડામાં જે ફેરફાર થનાર છે, તેમાં હાલનું ભાડું યથાવત રાખી કોઈપણ વધારો ન કરવો જોઈએ. વધુમાં, તેઓ ૪૦ વર્ષ જૂના ભાડુઆત હોવાથી વેપારી પક્ષને સાંભળ્યા વગર કોઈ આખરી નિર્ણય ન લેવા વિનંતી કરાઈ છે. આ ઉપરાંત અસહ્ય ટ્રાન્સફર ફી ઘટાડવાની પણ માંગ કરાઈ છે. આ રજૂઆતની નકલ ઊર્જા-કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા પાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાને પણ યોગ્ય કાર્યવાહી અર્થે મોકલવામાં આવી છે.

## વેરાવળના સરસવા ગામે રાજ્યસભા સાંસદ માનસિંહ પરમારના હસ્તે નવનિર્મિત આંગણવાડીનું લોકાર્પણ કરાયું

વેરાવળ,તા.૨૩



તસવીર : કૈલાશ ભટ્ટ

વેરાવળ તાલુકાના સરસવા ગામે નવનિર્માણ પામેલી આંગણવાડીનું લોકાર્પણ રાજ્યસભાના સાંસદ માનસિંહ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગામના બાળકોના શિક્ષણ અને પોષણ માટે નવી આંગણવાડી ઉપયોગી બનશે તેવી આશા સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સાર્વજનિક સેવા અને સુશાસનના સફળ ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સરસવા મુકામે ૩૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરીને પર્યાવરણ જતનનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર, પૂર્વ પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠક્કરાર, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પરમાર સહિતના વિવિધ પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને માતૃશક્તિ ઉપસ્થિત રહ્યા હતા.

તમામ ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ ઉત્સાહભેર વૃક્ષારોપણ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## કોડીનારમાં સમસ્ત કોળી સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવ યોજાયો



કોડીનાર,તા.૨૩

કોડીનાર શહેરમાં સમસ્ત કોળી સમાજ દ્વારા ભવ્ય નવરાત્રી મહોત્સવ યોજાયો હતો. જેમાં સમાજની બહેનો મોટી સંખ્યામાં જોડાઈ હતી. મહોત્સવની સ્પર્ધામાં શ્રધ્ધાબેન બારૈયાએ પ્રથમ સ્થાન મેળવતા ઈલેક્ટ્રિક સ્કૂટર આપવામાં આવ્યું હતું. બીજા ક્રમે વિજેતાને ૪૩ ઈંચનું એલઈડી ટીવી અને ત્રીજા ક્રમે વિજેતાને ફ્રિજ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમથી સમાજમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

**ગ્રામપંચાયત કચેરી સાજણાવાવ, તાલુકો-રાજુલા, જિલ્લો-અમરેલી.**

**:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::**

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સાજણાવાવ ગામે ગ્રામ પંચાયત કચેરી સાજણાવાવ દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવા રહેવું. (૧) પાણી પુરવઠા નો ટાકો તથા સંપ, (૨) ગામ ના જાપે વાસણઘાટ,(૩) નેસડી-૧ જવાના રસ્તે વાસણઘાટ, (૪) સ્મશાન છાપરી,(૫) ગામ ના જાપે જૂની આંગણવાડી,(૬) આંગણવાડી કેન્દ્ર ગામ ના જાપા પાસે, (૭) કણકોટ રોડ પર જૂનું શૌષાલય

જાહેર હરરાજીની શરતો,બોલીઓ,નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

**હરરાજી તારીખ : ૩૦/૧૦/૨૦૨૬ને શુક્રવાર - સમય : સવારે ૧૧:૪૫ કલાકે**
**સ્થળ : ગ્રામપંચાયત કચેરી સાજણાવાવ, તાલુકો-રાજુલા, જિલ્લો-અમરેલી.**
**ડિપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/- ભરવાના રહેશે.**

તલાટી કમ મંત્રી
ગ્રામપંચાયત કચેરી
સાજણાવાવ

સરપંચ
ગ્રામપંચાયત કચેરી
સાજણાવાવ

# અમરેલી સહિત ગુજરાતની વિધાનસભા ચૂંટણી પહેલાં મોટો વહીવટી ફેરફાર: ૨૨ ડેપ્યુટી કલેક્ટરની નિયુક્તી

ગાંધીનગર,તા.૨૩



ગુજરાતમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી અને આગામી ગ્રામ પંચાયત ચૂંટણીઓની પૂર્વતૈયારીના ભાગરૂપે સરકારે મોટો વહીવટી ફેરફાર કર્યો છે.

મહેસૂલ વિભાગ દ્વારા ગુરુવારે મોડી સાંજે રાજ્યના ૨૨ ડેપ્યુટી કલેક્ટરોની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે.

આ આદેશ મુજબ, બદલી કરવામાં આવેલા તમામ ૨૨ અધિકારીઓને વિવિધ જિલ્લાઓમાં 'નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી' તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. સરકારે તમામ અધિકારીઓને વહેલી તકે નવી જગ્યાએ હોદ્દો સંભાળી લેવા સૂચના આપી છે. બદલી કરાયેલા અધિકારીઓની નિયુક્તિ અમરેલી, આણંદ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, વડોદરા અને વલસાડ સહિતના ૨૧થી વધુ જિલ્લાઓમાં કરવામાં આવી છે. ચૂંટણી પૂર્વે હાથ ધરાનારી મતદાર યાદી સુધારણા કામગીરી અને સુચારુ ચૂંટણી વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવાના હેતુથી મહેસૂલ વિભાગ દ્વારા આ નિર્ણય લેવાયો છે.

# બિહારના સિવાનમાં ફટાકડા બનાવતી વખતે વિસ્ફોટ થતા સાતનાં મોત

સિવાન,તા.૨૩



બિહારના સિવાન જિલ્લાના જામો પોલીસ સ્ટેશન વિસ્તારના અલમાપુર ગામમાં ફટાકડા બનાવતી વખતે થયેલા ભયાનક વિસ્ફોટમાં પતિ-પત્ની અને તેમની પુત્રી સહિત સાત લોકોનાં મોત થયાં છે. ફટાકડા બનાવવામાં આવતા મકાનમાં અચાનક વિસ્ફોટ થતાં આખું મકાન ધરાશાયી થઈ ગયું હતું. વિસ્ફોટની તીવ્રતા એટલી વધુ હતી કે લોકોનાં મૃતદેહો રસ્તા પર વિખેરાઈ ગયા હતા.સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, લગભગ દોઢ કલાક સુધી અટકી-અટકીને વિસ્ફોટ થતા રહ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. એસડીપીઓએ જણાવ્યું હતું કે આગ બુઝાવ્યા બાદ સમગ્ર મામલે તપાસ કરવામાં આવશે.એસપી ભારત સોનીના જણાવ્યા મુજબ, મૃતદેહોની ઓળખ કરવાની કામગીરી બાકી છે. મકાનમાં ફટાકડા બનાવવા માટે ૨૦ વર્ષ પહેલાં લાઈસન્સ લેવામાં આવ્યું હતું. જોકે, હાલ લાઈસન્સ માન્ય હતું કે નહીં તેની તપાસ ચાલી રહી છે. ગીચ વસ્તીવાળા વિસ્તારમાં બનેલી આ ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

# જી.એન. દામાણી હાઈસ્કૂલના આચાર્યની મનમાની: શંકાના આધારે વિદ્યાર્થીઓને પરીક્ષાથી વંચિત રાખતા વિવાદ

અમરેલી,તા.૨૩

જી.એન. દામાણી હાઈસ્કૂલમાં આયોજિત સ્વદેશી મેળા દરમિયાન શૌચાલયના માર્બલ તૂટવાના મામલે આચાર્ય દ્વારા માત્ર શંકાના આધારે ધોરણ ૧૧ અને ૧૨ના બે વિદ્યાર્થીઓને પરીક્ષા આપતા અટકાવવામાં આવ્યા હતા. આ મનસ્વી નિર્ણયને કારણે શિક્ષણપ્રેમીઓમાં ભારે રોષ વ્યાપી ગયો હતો.

મીડિયામાં અહેવાલો પ્રસિધ્ધ થતાં અને મામલો ગરમાતાં, પોતાની ભૂલ સમજાતાં આચાર્યે બીજા જ દિવસે આ વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ પરીક્ષાનું આયોજન કરવું પડ્યું હતું.

હવે આ સમગ્ર ઘટનાની લેખિત ફરિયાદ જિલ્લા શિક્ષણાધિકારી સુધી પહોંચી છે. શંકાના આધારે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખિલવાડ કરનાર આચાર્ય સામે કડક કાર્યવાહી થશે કે પછી મામલો રફેદફે કરવામાં આવશે, તેને લઈને ચર્ચા જાગી છે.

# અદાણી દ્વારા CNGના ભાવમાં રૂા. ૪.૪૫ના વધારાથી રિક્ષાચાલકો મુશ્કેલીમાં, સરકારને કરશે રજૂઆત

અમદાવાદ,તા.૨૩



અમદાવાદમાં અદાણી દ્વારા CNG ના ભાવમાં પ્રતિ કિલો રૂ.૪.૪૫ નો તીવ્ર વધારો કરાતાં નવો ભાવ રૂ.૯૮.૪૭ પર પહોંચ્યો છે. દિવાળીના તહેવારો ટાણે જ થયેલા આ વધારાથી રિક્ષાચાલકો અને વાહનચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લા એક વર્ષમાં CNG માં આશરે રૂ.૧૭ નો જંગી વધારો નોંધાયો છે, જેના વિરોધમાં મેમનગર ખાતે રિક્ષાચાલકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ચાલકોનું કહેવું છે કે ભાવવધારાથી દૈનિક કમાણી ઘટી જશે અને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બનશે. ઓનલાઈન એગ્રીગેટર કંપનીઓનું શોષણ અને ગેરકાયદે ટુ-વ્હીલર ટેક્સીઓના કારણે પહેલેથી જ આવક ઘટી છે, ત્યારે આ વધારો પડ્યા પર પાટુ સમાન છે. રિક્ષાચાલક યુનિયનોએ તાત્કાલિક ભાવવધારો પાછો ખેંચવા અથવા સબસિડી આપવાની માંગ કરી છે. અદાણીની મોનોપોલી તોડવા ગુજરાત ગેસને અમદાવાદમાં પ્રવેશ આપવાની સૂચના સાથે યુનિયનોએ સરકાર અને અદાણી ઓફિસે રજૂઆત કરવાની ચીમકી આપી છે.

# મુંબઈ એરપોર્ટ નજીક મસ્જિદ વિવાદને લઈ કિરીટ સોમૈયાએ ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું

મુંબઈ,તા.૨૩

મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક આવેલી એક મસ્જિદને લઈને રાજકીય વિવાદ વકર્યો છે. ભાજપ નેતા કિરીટ સોમૈયાએ મસ્જિદના નિર્માણને ગેરકાયદેસર ગણાવીને સમર્થકો સાથે ગેટ પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે ૨૦૧૪ પછી ૫,૦૦૦ ચોરસ ફૂટ કિંમતી જમીન પર અતિક્રમણ કરીને આ નિર્માણ કરાયું છે. તેમણે વહીવટીતંત્રને તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે. બીજી તરફ, AIMIM નેતા વારિસ પઠાણે સોમૈયા પર ગુંડાગીરીનો આરોપ મૂકતા કહ્યું કે કેસ કોર્ટમાં પેન્ડિંગ હોવા છતાં તેઓ દબાણ બનાવી રહ્યા છે. મસ્જિદ પક્ષનો દાવો છે કે બાંધકામ પરવાનગી સાથે કરાયું છે. આ અંગે મંત્રી ચંદ્રશેખર બાવનકુલેએ સ્પષ્ટ કર્યું કે રાજ્યમાં ગેરકાયદેસર બાંધકામો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# બંને ચૂંટણી કમિશનરોએ વરિષ્ઠ અધિકારી વિરુધ્ધ કેબિનેટ સચિવને ફરિયાદ કરી

નવી દિલ્હી,તા.૨૩



ભારતીય ચૂંટણી કમિશનમાં આંતરિક મતભેદો સામે આવ્યા છે. RTI હેઠળ જાહેર થયેલી માહિતી મુજબ, ચૂંટણી કમિશનરો ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશીએ ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથનને પત્ર લખીને વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર મનીષ ગર્ગ સામે કાર્યવાહીની માંગ કરી છે.

બંને કમિશનરોનો આરોપ છે કે ગર્ગે કમિશન કે સંબંધિત અધિકારીઓ સાથે પૂર્વ ચર્ચા કે મંજૂરી લીધા વિના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે કામની વહેંચણીમાં ફેરફાર કરવાનો આદેશ જારી કર્યો હતો. સંધુએ પત્રમાં જણાવ્યા મુજબ, ગર્ગને ૨૮ જુલાઈએ વહીવટ વિભાગનો વધારાનો પ્રભાર સોંપાયાના થોડા જ કલાકોમાં તેમણે આ આદેશ આપ્યો હતો. કમિશનરોએ આ કાર્યવાહીને ૨૦૨૩ના ચૂંટણી કમિશનર અધિનિયમની કલમ ૧૮નું ઉલ્લંઘન ગણાવીને યોગ્ય પગલાં લેવાની માંગ કરી છે.

# અરુણાચલ સરહદે ભારત-ચીની સૈનિકો સામસામે થતા કેન્દ્રના મૌન પર કોંગ્રેસના પ્રહાર

નવી દિલ્હી,તા.૨૩



અરુણાચલ પ્રદેશ સરહદે ભારત અને ચીનના સૈનિકો સામસામે આવી જવાની ઘટનાઓ પર કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે. આઈટીબીપી (ITBP) ના ડિરેક્ટર જનરલ શત્રુજીત કપૂરે અરુણાચલ સરહદે ચીની સૈનિકો સામે ચાલી રહેલા સંઘર્ષ અને સામસામે આવવાની ઘટનાઓની સત્તાવાર પુષ્ટિ કરી હતી. તેમણે આ સ્થિતિમાં આઈટીબીપીના શૌર્ય કમાન્ડોની કામગીરીની પ્રશંસા કરી હતી.

રિપોર્ટ અનુસાર, જુલાઈ મહિનાથી સુબનસિરી જિલ્લાના ટાકિંસગ વિસ્તાર નજીક ચીની પીએલએ (PLA) ના સૈનિકોએ ભારતીય દ્રષ્ટિકોણ મુજબ એલએસી (LAC) ની અંદર તંબુઓ સ્થાપી દીધા છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે આ ગંભીર મુદ્દે વડાપ્રધાન મોદીની ટીકા કરતા કહ્યું કે, સરહદ પર આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં વડાપ્રધાન અને તેમનું સમગ્ર તંત્ર મૌન સેવીને બેઠું છે.

# ખાનગીકરણના વિરોધમાં વીજ કર્મચારીઓની હડતાળથી ગુરુગ્રામ સહિત હરિયાણામાં વીજ સંકટ

ચંદીગઢ,તા.૨૩



હરિયાણામાં ખાનગીકરણના વિરોધમાં વીજ કર્મચારીઓની હડતાળને કારણે ગુરુગ્રામ, ફરીદાબાદ, અંબાલા સહિત અનેક જિલ્લાઓમાં વીજ પુરવઠો ખોરવાયો છે. ગુરુગ્રામમાં રાત્રિથી જ વીજળી ગુલ થતાં ૩,૦૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ છે, જેનાથી સામાન્ય જીવન અને ઉદ્યોગો પ્રભાવિત થયા છે. પરિસ્થિતિને પહોંચી વળવા ઉર્જા મંત્રી અનિલ વિજે કર્મચારીઓને હડતાળ સમેટી લેવા અપીલ કરી છે અને બપોરે વાટાઘાટો માટે બેઠક બોલાવી છે. સરકારે ખાનગી વિતરણ લાયસન્સ સામે અપીલ કરવાની તૈયારી દર્શાવી છે.

# મુખ્ય ચૂંટણી કમિશનર વિરુધ્ધ નવો પ્રસ્તાવ આવશે તો નિયમાનુસાર કાર્યવાહી થશે: સ્પીકર ઓમ બિરલા

નવી દિલ્હી, તા.૨૩

ચૂંટણીઓમાં ગેરરીતિઓ અને SIRના આરોપોને લઈને વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વિરુધ્ધ ચલાવાઈ રહેલા અભિયાન વચ્ચે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાનું મહત્વનું નિવેદન આવ્યું છે. ગુરુવારે તેમણે સ્પષ્ટ કર્યું કે જો વિપક્ષ સીઈસીને પદ પરથી હટાવવા માટે નવો મહાભિયોગ પ્રસ્તાવ લાવશે, તો સ્થાપિત અને નિર્ધારિત પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન કરવામાં આવશે.

અધ્યક્ષ બિરલાએ જણાવ્યું કે ન્યાયાધીશોને હટાવવાની જે પ્રક્રિયા છે, તે જ રીતે સીઈસી માટે પણ બંધારણીય જોગવાઈઓ સ્પષ્ટ છે. નોંધનીય છે કે વિપક્ષી પક્ષોએ જ્ઞાનેશ કુમાર પર સત્તાના દુરુપયોગનો આરોપ લગાવીને તાજેતરમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી અને તેમને દૂર કરવાની માંગ કરી છે.

# RSS નેતા ઈન્દ્રેશ કુમારે CJP ના વિરોધ પ્રદર્શનોના ફંડિંગ પર સવાલ ઉઠાવ્યા

નવી દિલ્હી,તા.૨૩



આરએસએસના રાષ્ટ્રીય કારોબારી સભ્ય ઈન્દ્રેશ કુમારે CJP દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનો અને તેના ફંડિંગ પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કેટલાક અરાજકતાવાદી તત્વો યુવાનોને ગેરમાર્ગે દોરીને દેશમાં બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે વિપક્ષ પર લોકોમાં વિભાજન ઊભું કરવા માટે રાષ્ટ્રધ્વજ ત્રિરંગાનો દબાણના હથિયાર તરીકે ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે ભારતને અન્ય દેશો પાસેથી શીખવાની જરૂર નથી, પરંતુ વિશ્વ ભારતના નૈતિક મૂલ્યો અને લોકશાહી પરંપરાઓમાંથી પ્રેરણા લઈ રહ્યું છે.

# તિબેટમાં ૭.૦ની તીવ્રતાના ભૂકંપથી ૧૮ના મોત: ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ આંચકા

કોલંબો,તા.૨૩



દક્ષિણ અને મધ્ય એશિયાના વિવિધ ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ચીનના તિબેટ પ્રદેશમાં ગુરુવારે રાત્રે આવેલા ૭.૦ ની અતિ તીવ્રતાના શક્તિશાળી ભૂકંપમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા છે અને ૪૬થી વધુ લોકો ઘાયલ થયા છે. ભૂકંપના કારણે ૩૩૯થી વધુ ઘરો ધરાશાયી થયા છે, જ્યારે ભૂસ્ખલનને લીધે નેશનલ હાઈવે ૩૧૭ બંધ થઈ ગયો છે અને વિજ-સંદેશાવ્યવહાર ખોરવાયો છે.

દરમિયાન શુક્રવારે વહેલી સવારે પાકિસ્તાન (૪.૯), અફઘાનિસ્તાન (૪.૧) અને ચીન (૪.૪) માં પણ ભૂકંપના આંચકા નોંધાયા હતા. તિબેટના અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલુ છે, પરંતુ આગામી દિવસોમાં હિમવર્ષાની આગાહીથી રાહત કામગીરી સામે નવો પડકાર ઊભો થયો છે. ભૂકંપ બાદ ભૂસ્ખલનને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૧૭ નો એક ભાગ પણ બંધ થઈ ગયો છે.

શિન્હુઆના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસમાં ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં સમયાંતરે હિમવર્ષા થવાની સંભાવના છે.

# ૪ વર્ષથી ચાલી રહેલા યુધ્ધનો અંત લાવવા ઝેલેન્સ્કી રશિયા સાથે ફ્રન્ટલાઈન્સ ફ્રીઝ કરવા સંમત થયા

મોસ્કો,તા.૨૩



ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુધ્ધ વચ્ચે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીનું એક મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ યુદ્ધનો અંત લાવવા માટે વર્તમાન ફ્રન્ટ લાઈન્સને ફ્રીઝ કરવા તૈયાર છે. આ નિર્ણયનો અર્થ એ છે કે બંને દેશોના સૈન્ય દળો જે વિસ્તારમાં તૈનાત છે ત્યાં જ રોકાઈ જશે, જેનાથી યુક્રેનનો કેટલોક હિસ્સો રશિયાના નિયંત્રણ હેઠળ રહી શકે છે.

એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુધ્ધવિરામ અને રક્તપાત અટકાવવાનો આ જ એકમાત્ર વાસ્તવિક રસ્તો છે. તેમણે ઉમેર્યું કે આ પગલા પછી તેઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપીયન દેશો પાસેથી સુરક્ષા ગેરંટી માંગશે. યુક્રેનને પુનઃનિર્માણ તરફ લઈ જવા અને વિદેશમાં રહેતા ૯૫ લાખ બેઘર નાગરિકોને વતનમાં પરત લાવવા માટે યુધ્ધવિરામ જરૂરી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

અમને તેમની જરૂર છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ યુક્રેન પાછા ફરે, અહીં રહે અને પોતાનો દેશ ફરીથી બનાવે."

# અમરેલીની આંગડિયા પેઢીમાં રૂ. ૨.૦૮ કરોડની ઉચાપત મામલે પિતા-પુત્ર સામે ફરિયાદ

અમરેલી,તા.૨૩

અમરેલી શહેરમાં આવેલી જાણીતી 'પટેલ માધવલાલ મગનલાલ' આંગડિયા પેઢીમાં રૂ. ૨.૦૮ કરોડની જંગી રકમની ઉચાપત અને વિશ્વાસઘાતનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. પેઢીમાં વિશ્વાસુ કર્મચારી તરીકે ફરજ બજાવતા પિતા અને પુત્રએ સાથે મળીને પેઢીના કરોડો રૂપિયા ઓળવી જઈ છેતરપિંડી આચરતાં બંને સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.ભાવનગરમાં રહેતા અને આંગડિયા પેઢી ચલાવતા કૌશિકભાઈ બબલદાસ પટેલે મૂળ પાટણના સમી તાલુકાના વરાણા ગામના અને હાલ અમરેલીમાં રહેતા કમલેશભાઈ દેવાભાઈ સિંધવ તથા દિનેશભાઈ કમલેશભાઈ સિંધવ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પિતા-પુત્ર અમરેલી ખાતે આવેલી 'પટેલ માધવલાલ મગનલાલ' નામની આંગડિયા પેઢીમાં નોકરી કરતા હતા. પેઢીના સંચાલકોને તેમના પર પૂરો વિશ્વાસ હોવાથી રોકડ વ્યવહારો અને હિસાબ-કિતાબની જવાબદારી તેઓ સંભાળતા હતા. ગત તારીખ ૦૨, ૦૩ અને ૦૫ ઓક્ટોબર, ૨૦૨૬ એમ ત્રણ દિવસ દરમિયાન પેઢીમાં થયેલો હિસાબ તેમજ પેઢી ખાતે જમા થયેલી રોકડ રકમ મળી કુલ આશરે રૂ. ૨,૦૮,૦૦,૦૦૦ની માતબર રકમ પેઢીમાં જમા કરાવવાની હતી.જોકે, બંને પિતા-પુત્રએ પેઢીના સંચાલકોની જાણ બહાર અને વિશ્વાસઘાત કરીને આ કરોડો રૂપિયા પેઢીમાં જમા કરાવવાને બદલે એકબીજાની મિલીભગતથી બારોબાર ઓળવી લીધા હતા. આ સમગ્ર મામલે હિસાબમાં ગરબડ જણાતાં છેતરપિંડી થઈ હોવાનું પેઢીના માલિકના ધ્યાને આવ્યું હતું.

# સરકારી જમીનો પર વારંવાર દબાણ કરનારાઓ સામે પોલીસ ફરિયાદ નોંધવા મુખ્યમંત્રીએ કરી તાકીદ

ગાંધીનગર,તા.૨૩



રાજ્યમાં સરકારી જમીનો પર થતાં દબાણો અટકાવવા અને જમીનોની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તમામ જિલ્લા કલેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે. સરકારી જમીન પર વારંવાર દબાણ કરનારાઓ સામે FIR નોંધવા, ફરજમાં બેદરકારી દાખવનારા સરપંચો સામે પગલાં લેવા અને ખેડૂતોને નિયમ મુજબ ખેડૂત ખાતેદાર પ્રમાણપત્ર આપવા તેમણે તાકીદ કરી છે.નાગરિકોની ફરિયાદોનો ટેક્નોલોજીના માધ્યમથી ઝડપી અને હકારાત્મક ઉકેલ લાવવા યોજાયેલા ઓક્ટોબર-૨૦૨૬ના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ વિવિધ જિલ્લાઓની રજૂઆતો સાંભળી સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા. કાર્યક્રમમાં ૧૭૦થી વધુ રજૂઆત કર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યભરના જિલ્લા સ્વાગતમાં ૨,૨૦૦ અને તાલુકા સ્વાગતમાં ૨,૫૮૩ રજૂઆતો મળી હતી. આમ, કુલ ૪,૯૫૩થી વધુ રજૂઆતોના સંદર્ભમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી. રજૂઆતોમાં વરસાદી પાણીના નિકાલ, પીવાનું પાણી, રસ્તા, જમીન રી-સર્વે અને સરકારી જમીન પરનાં દબાણોના પ્રશ્નોનો સમાવેશ થયો હતો.

# રાધનપુર નજીક કાર-ટ્રક વચ્ચે અકસ્માતમાં બે શ્રધ્ધાળુનાં થયા મોત, ચાર લોકો ઈજાગ્રસ્ત



પાટણ,તા.૨૩

પાટણના રાધનપુર-સમી હાઈવે પર ગોચનાદ ગામ નજીક કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. દ્વારકાધીશના દર્શન કરીને ભાભર જઈ રહેલા રાજસ્થાનના સોની પરિવારના બે સભ્યોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે પરિવારના અન્ય ચાર સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

# રાજકોટમાં ૧૭ નકલી ડોક્ટર ઝડપાતા તબીબી આલમમાં ખળભળાટ મચ્યો

રાજકોટ,તા.૨૩



રાજકોટ ગ્રામ્ય પોલીસે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા નકલી ડૉક્ટરો સામે લાલઆંખ કરીને મોટી કાર્યવાહી હાથ ધરી છે. યોગ્ય તબીબી લાયકાત કે ડિગ્રી વગર ગેરકાયદે ક્લિનિક ચલાવતા કુલ ૧૭ બોગસ ડૉક્ટરોને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ઝડપાયેલા ૧૭ આરોપીઓમાંથી ૧૪ માત્ર ધોરણ ૧૦ અને ૧૨ પાસ છે, જ્યારે ૩ આરોપીઓ સામાન્ય ગ્રેજ્યુએટ છે.

આ તમામ શખસો ભૂતકાળમાં ડૉક્ટરના કમ્પાઉન્ડર તરીકે અથવા મેડિકલ સ્ટોરમાં કામ કરતા હતા, જેના અનુભવના આધારે તેમણે ક્લિનિક ખોલી દર્દીઓને એલોપેથિક દવાઓ અને ઈન્જેક્શન આપવાનું શરૂ કર્યું હતું. કેટલાક આરોપીઓ ૧૦ વર્ષથી વધુ સમયથી પ્રેક્ટિસ કરતા હતા. પોલીસે તમામ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે અને આગામી દિવસોમાં પણ આ ડ્રાઈવ ચાલુ રહેશે.

# રાજકોટના ભાયાવદરમાં સેક્સ પાવરની દવાનો ઓનલાઈન વેચાણના નામે બ્લેકમેઈલિંગનો પર્દાફાશ

રાજકોટ,તા.૨૩

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદરમાં સેક્સ્યુઅલ પાવર વધારવાની દવાના નામે ગ્રાહકોને ફસાવી બ્લેકમેઈલ કરવાના કૌભાંડનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ભાયાવદર પોલીસે ૩ કોલ સેન્ટરો પર દરોડા પાડી ૧૦ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે ૫ આરોપીઓ ફરાર છે. પોલીસે રૂ. ૫,૧૬,૭૦૦ની કિંમતના ૧૮ કમ્પ્યુટર-લેપટોપ, ૨૩ મોબાઈલ અને રાઉટર જપ્ત કર્યા છે.આરોપીઓ ખોટા ડૉક્ટર બની ગ્રાહકોને આયુર્વેદિક પ્રોડક્ટ્સ ખરીદવા પ્રેરિત કરતા હતા. જો ગ્રાહક ઓર્ડર રદ કરે તો તેને પરિવારને જાણ કરવાની, પોલીસ કેસ કરી જેલમાં મોકલવાની અને વોટ્સએપ પર ધમકી આપી બળજબરીથી નાણાં પડાવતા હતા. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# રાજ્યના ૧૭ IAS અધિકારીની બદલી, અમરેલીના ડીડીઓ તરીકે રાજેશકુમાર મોર્ય

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત સરકાર દ્વારા વહીવટી તંત્રમાં ફેરફાર કરતાં ૧૭ IAS અધિકારીઓની બદલી અને વધારાના હવાલા સોંપવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણયમાં અલોક કુમાર પાંડે અને ગૌરાંગ મકવાણા સહિતના અધિકારીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી અનેક જિલ્લાઓમાં કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની જવાબદારીઓમાં ફેરફાર થયો છે. આ ઉપરાંત માહિતી વિભાગ, ગ્રામ વિકાસ, રમતગમત અને ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓમાં પણ અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ વહીવટી ફેરફારોનો હેતુ સરકારી કામગીરીને વધુ અસરકારક બનાવવા અને વિવિધ વિભાગોના કાર્યમાં સુચારુ સંકલન જાળવવાનો છે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જયારે પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર ટ્રાઈબલ એરિયા સબ પ્લાન સોનગઢ (તાપી)થી રાજેશકુમાર મોર્યને અમરેલીના ડીડીઓ તરીકે મુકવામાં આવ્યા છે.

# આંકલાવ પોલીસ મથકમાં જ પીઆઈ રાજદીપસિંહ વનારને રૂ.૪૦ હજારની લાંચ સાથે એસીબીએ ઝડપી પાડ્યા

આણંદ,તા.૨૩




આણંદની એસીબી ટીમે ગુરુવારે આંકલાવ પોલીસ મથકમાં જ છટકું ગોઠવીને પીઆઈ રાજદીપસિંહ વનારને રૂ.૪૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યા છે. ખડોલ ગામમાં આવેલી જે.જે. કેમિકલ ફેક્ટરીમાંથી ફેલાતા પ્રદૂષણ અંગે ગ્રામજનોની રજૂઆત બાદ પીઆઈ વનારે ફેક્ટરી સંચાલકને ધમકાવીને કેસ થવા ન દેવા માટે એસીની માંગણી કરી હતી.

એસી આપવાની ના પાડતાં તેમણે રૂ.૪૦,૦૦૦ રોકડા માંગ્યા હતા. ફેક્ટરી માલિકે આણંદ એસીબીમાં ફરિયાદ કરતાં ગોઠવાયેલા છટકામાં પીઆઈ ઝડપાઈ ગયા હતા. પકડાઈ જતાં તેમણે ભાગવાનો અને ઝપાઝપી કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ એસીબીએ તેમને કાબૂમાં લીધા હતા. બાદમાં એસીબી ટીમે વનારના નિવાસસ્થાને સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું.








